Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचित्रचारुचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને લક્ષ્મીનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ઠ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૮ મું. ભાદ્રપદ. સંવત્ ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૬ ઠ્ઠો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ વૈરાગ્યશતક (સાભશ્લોકી). ...૧૬૧
૨ ભાવ આવશ્યક. ... ...૧૬૩
૩ ભાવ ઉપક્રમ. ... ...૧૬૫
૪ જીવદયા—અનુકંપા દાન... ...૧૬૯
૫ તપ સંબંધી ખુલાસો... ...૧૭૨
૬ આધુ પરિસ્થિતિપર પ્રકીર્ણ વિચારો. ૧૭૩
૭ શ્રીજૈનસુકૃત ફંડ ઉભું કરવાની જરૂર ૧૮૨
૮ શ્રી જૈન સુકૃત ફંડને અંગે પુષ્ટહેતુગર્ભિત સૂચનાઓ. ... ...૧૮૫
૯ ચંદરાજાના રાસઉપરથી નીકળતો સાર. ૧૮૭
૧૦ પ્રતિક્રમણમાં બોલાતું ઘી ...૧૯૨
૧૧ પર્યુષણપર્વમાં શ્રાવક ભાઈઓની ફરજ. ... ... ...૧૯૫
૧૨ અત્યંત ખેદકારક મૃત્યુ. ...૧૯૬

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂા. ૧) પોસ્ટેજ રૂા. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારી સભા તરફથી છપાતા, છપાવાના ને તૈયાર થતા ગ્રંથો.

જૈનવર્ગમાં હજુ વાંચનનો શોખ બહુ અલ્પ છે તેમજ જ્ઞાનાભ્યાસ માત્ર નામનો છે અને તે સંબંધી ખર્ચ કરવાના અભિલાષીની સંખ્યા પણ બહુ ઓછી છે તેથી જો એક ગ્રંથ બે જગ્યાએ છપાય તો તેથી વિશેષ લાભ ન થતાં એક નવો ગ્રંથ છપાતો અટકે. તેટલા માટે જે જે જૈન સંસ્થાઓ તરફથી ગ્રંથો પ્રગટ કરવાનું કામ ચાલે છે તેમણે પોતા તરફથી છપાતા કે છપાવાનાં ગ્રંથોનું લીસ્ટ આપવાની પ્રવૃત્તિ શરૂ કરી છે તે બહુ ઉપયોગી છે. અમે પણ તે હેતુથીજ આવી નોંધ આપ્યા કરીએ છીએ.

### હાલમાં છપાતા ગ્રંથો.

* ૧ શ્રી કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો. (પાંચમો, છઠ્ઠો તથા સંસ્કૃત કર્મગ્રંથ) શેઠ જીવણભાઇ જેચંદ તથા રતનજી વીરજી તરફથી.

* ૨ શ્રી પંચાશક ટીકા ( શ્રી હરિભદ્ર સુરિકૃત ૧૯ પંચાશક ) શેઠ સોભાગચંદ કપુરચંદ મુંબઈવાળા મારફત.

* ૩ શ્રી પરિશિષ્ટ પર્વ. સંસ્કૃત ગદ્યબંધ ( શ્રી હેમચંદ્રાચાર્ય કૃત. ) બાબુ સાહેબ બુધસિંહજી બહાદુર તથા શેઠ વીરચંદ દીપચંદ તરફથી

૪ શ્રી પઉમચરિયમ્ ( માગધી ગાથાબંધ–પૂર્વાચાર્યકૃત–અપૂર્વ ગ્રંથ ) જે ગૃહસ્થ ઈચ્છા જણાવશે તેના તરફથી.

* ૫ શ્રી જ્ઞાનસાર (અષ્ટક) પન્યાસજી ગંભીર વિજયજી કૃત ટીકા યુક્ત. બેન રામબા આણંદજી તરફથી.

૬ શ્રી કમ્મપયડી ગ્રંથ–શ્રીમલયગિરિજીકૃત ટીકા યુક્ત. જે ગૃહસ્થ ઈચ્છા જણાવશે તેના તરફથી.

* ૭ પ્રમેયરત્નકોષ ( ન્યાયનો અપૂર્વ ગ્રંથ ) શા. ઝવેરભાઇ ભાઈચંદ ભાવનગરવાળા તરફથી.

૮ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર સંસ્કૃત ગદ્યબંધ. પન્યાસ ચતુરવિજયજી મારફત એક ગૃહસ્થ તરફથી.

* ૯ શ્રી ધનપાળ પંચાશિકા સાર્થ તથા તીર્થોના કલ્પો સાર્થ. શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકો માટે. સભા તરફથી.

### તૈયાર થયેલા તથા થતા ગ્રંથો.

૧૦ શ્રી અધ્યાત્મસાર ગ્રંથ. પન્યાસજી ગંભીરવિજયજી કૃત ટીકા યુક્ત.
૧૧ શ્રી અધ્યાત્મસાર સટીકનું ભાષાંતર.
૧૨ શ્રી કુવલયમાળા ભષાંતર ( ઘણી રસીક ને ચમત્કારિક કથા )
૧૩ શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથ મૂળ સ્થંભ ૧–૬
૧૪ શ્રી આનંદઘનજી કૃત ૫૦ પદો વિવેચન યુકત.
૧૫ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ ભાષાંતર.

* આવી નીશાનીવાળા ગ્રંથો થોડા વખતમાં બહાર પડશે.

For Private And Personal Use Only

# श्री जैन धर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञातेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૮ મું. ભાદ્રપદ. સં. ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૬ ઠ્ઠો.

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

श्री पद्मानंद कवि विरचित

## वैराग्य शतक

સમશ્લોકી.

અનુવાદક–મી. માવજી દામજી શાહ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જે હસ્તદ્વય કંજ મોતિ સરખું ! ત્રૈલોક્યને લોકતાં,
જંતુને નિજ વાણીમાં પરિણમે ! તે સૂક્તને ભાષતાં;
ઓ ! શ્રીમન્ ભગવન્ ! વિચિત્ર વિધિએ દેવાસુરે પૂજ્ય છો !
ત્રેઝ્યાં ત્રાસ–વિલાસ–હાસ–રભસો ! રક્ષા કરો ! હે પ્રભો ! ૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેણે ચૂર્ણ કર્યા વિવેક પવિએ[1] ક્રોપાદિ એ પર્વતો,
યોગાભ્યાસ પરસ્વધે[2] મથિત છે જે મોહ ધાત્રીરૂહો[3];
બાંધ્યો સંયમ સિદ્ધ મંત્ર વિધિએ કામજ્વર પ્રૌઢ એ,
એવા મોક્ષસુખાનુસંગ રસિયા! યોગીંદ્રને વંદિયે. ૨
ત્યાગી ડાકણ તુલ્ય એજ સમજી પ્રેમાળ પ્રિયા! અરે,
લક્ષ્મી! જીવન તોંય નાગણ સમી માની ત્યજી દૂર એ;
મૂંક્યું ચિત્રિત રાજમંદિર! અરે એ માનીને રાફડો,
નિઃસંગત્વરૂપે સુશોભિત મુનિ જયવંત વર્તો અહો. ૩
(આર્યા.) પરનિંદામાં મૂગો! પરનારી મ્હોડું દેખવા અંધો;
પરધન હરણે લૂલો! જગમાં જયવંત એ મહાપુરૂષ. ૪

---

ક્રોધે જે ન દુઃખાય, મિષ્ટવચને આનંદ પામે નહિ,
દુર્ગંધે ન પીડાય, નિત્ય વળી જે હર્ષે ખુશી થાય નહિ;
સ્ત્રીનું રૂપ નિહાળી રાગ-શબથી[4] જે દ્વેષ લાવે નહિ,
એ'વો કોઇ મુનીંદ્ર મધ્યમપણે રાજેય સૃષ્ટિમહિં. ૫
મિત્રે હર્ષ ધરે નહિ પિશુનમાં[5] વૈરી બને જે નહિ,
ભોગોમાં રતિ નવ ધરે, તપ વિષે જે કલેશ માને નહિ;
રાગી રત્નવિષે બને નહિ અને શીલાવિષે ખેદ નહિ,
એ'વું માનસ સ્વચ્છ, જેનું જગ તે યોગીંદ્ર બીજો નહિ. ૬
સૌંદર્યૈકનિધિ-કલાકુશલ-ને લાવણ્યનો જે નિધિ,
પીનોત્તુંગ સ્તનોથી મંદગતિની-ને નાગકન્યા સમી;
ખીલ્યું યૌવન નવ્ય એ'વી રમણી! ત્યાગી અહો સત્વર,
તેના માનસ મંદિરે કદિ ચડે! શું? એ હતાશ સ્મર. ૭
શૃંગારામૃત સેક શોભિતી વળી વક્રોક્તિ પત્રે જડી,
ખીલી પુષ્પ સુગંધથી સરસ જે સ્ત્રીની કથા વેલડી;
જેણે બ્રહ્મવ્રતાગ્નિએ સઘળી તે બાળી કરી રાખને,
શું તેને કરવા સમર્થ? જગમાં એ કામ! કોપે છતે. ૮
ચંચલ લોચનયુક્ત યૌવનવતીએ તર્જી તર્જી અને,
ફેંક્યા તીક્ષ્ણ કટાક્ષ બાણ અતિશે ઉન્મત્ત થઇ યૌવને;
તે'ને શું કરશે? સ્મર જગતમાં જે'નો અરે શાંત એ,
જેને શુદ્ધ વિવેક વજ્ર ફરતું પાસે ફરે નિત્ય રે. ૯.

---

૧ પવિ-વજ્ર. ૨ વજ્ર. ૩ પર્વતો. ૪ મૃત આનથી. ૫ ચાડીયામાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગ્રે એ ગજગામિની ! પ્રિયતમા ! દેખાય પૂંઠે જ આ,
ભૂમીમાં ગગને જ આ વધુ શું કહું ? સર્વત્ર એ સર્વદા;
જ્યાં સુધી હતી કામમાં રતિ મ્હને ત્યાં સુધી એવી સ્થિતિ,
અત્યારે મુખ પાસે એ પણ છતાં દ્રષ્ટા ન એ શી સ્થિતિ. ૧૦.
જે એ પુષ્ટ પયોધરોયુત તનુ વિયોગમાં જે ડરે,
જ્યારે થાયજ માન એજ સમયે મ્હોટું દીસે દીન રે !
વ્યાપેલ સ્મર અગ્નિયે પ્રતિસમે જાજ્વલ્યવંતા મને,
થાયે સર્વ સ્થિતિવિષે દુઃખ અરે ધિક્કાર ! એ કામીને. ૧૧.
તેણીની કૃશતા વિલોકી ઉદરે ભ્રૂનેત્રની વક્રતા,
કેશોમાં કુટિલત્વ–રાગ–અધરે–ગતિ વિષે મંદતા;
કુચોનું કઠિનત્વ ને સ્ફુટપણે ચાપલ્યતા ચક્ષુયે,
છે આશ્ચર્ય ! છતાં નિરાગી ન બને કામીજનો એ અરે. ૧૨.
ધોળા કેશ થયા અને વહિ જવું તારૂણ્ય સંપત્તિનું,
આંખોનું બળ નષ્ટ રે ! થઇ ગયું કર્ણોનું બ્હેરાપણું;
દાંતો માંસ ત્વચાદિ એ ખરી ગયાં સર્વે નિજસ્થાનથી,
જોતાં એવું છતાં અરે ! હૃદયમાં સ્ત્રીને સ્મરે રે ! મથી. ૧૩.
અન્યાયાર્જિત વિત્ત જેમ, કહિં તો દાંતો હલી પડિ ગયા,
તાપે શુષ્ક તમાલપત્ર સરખું ગાત્રો સુકાં થઇ ગયા;
કેશોમાં ધવલત્વ–ચંદ્રસરખું આવ્યું ખરે સ્પષ્ટજ,
એવું તોપણ ભોગમાં ભમતું રે ! એ મુગ્ધ મ્હારૂં મન. ૧૪.

**અનુષ્ટુપ્.**

ગદ્ગદ કંઠથી બોલે–પ્રપંચોથી અરે સ્ત્રીઓ !
કામાતુર જનો તેને–માને પ્રેમાળ વાણી તો. ૧૫.

અપૂર્ણ.

# भाव आवश्यक.

( વિશેષાવશ્યકે પૃષ્ટ ૪૧૪–૧૬ )

દ્રવ્ય આવશ્યક કહ્યા પછી અનુક્રમે ભાવ આવશ્યકનો અધિકાર આવે છે. ૧ **આગમથી** અને ૨ **નોઆગમથી** એમ એ ભાવ આવશ્યક બે પ્રકારનું છે.

આવશ્યક સંબંધી અર્થમાં ઉપયોગ એ **આગમથી ભાવ આવશ્યક** જાણવું. અને જ્ઞાન અને ક્રિયા ઉભય પરિણામ એ **નોઆગમથી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ આવશ્યક જાણવું. અહિં **નો** શબ્દનો અર્થ નકારવાચી નહિં પણ મિશ્રવાચી કરવાનો છે. ૧ લૌકિક, ૨ લોકોત્તર અને ૩ કુપ્રાવચનિક એમ ત્રણ પ્રકારે નોઆગમથી ભાવ આવશ્યક કહેલું છે. તેમાં મધ્યાહ્ન પહેલાં **ભારત** અને મધ્યાહ્ન પછી **રામાયણ** વાંચવું એ **લૌકિક**, મંત્રાદિક પાઠપૂર્વક યજ્ઞ, હોમાદિક કરવાં તે **કુપ્રાવચનિક** અને ઉપયોગ સહિત મુખવસ્ત્રિકાની પડિલેહણા કરવી, અને આવર્ત સાચવવા પ્રમુખ ક્રિયા મિશ્ર ઉભયકાળ સાધુ શ્રાવક યોગ્ય આવશ્યક સૂત્રને ઉચ્ચરવાં એ **લોકોત્તર** ભાવ આવશ્યક જાણવું. આ ત્રણે પ્રકારનાં **નોઆગમથી** ભાવ આવશ્યકમધ્યે કેવળ સાચા, અનુપમ, શાશ્વત સુખ આપવા સમર્થ હોવાથી **લોકોત્તર** આવશ્યક જ શ્રેષ્ઠ છે અને તેનો જ આ શાસ્ત્રમાં અધિકાર દર્શાવવામાં આવે છે.

હવે આવશ્યકના પર્યાય-( સમાન અર્થસૂચક ૧૦ નામ ) જણાવે છે. ૧ આવશ્યક, ૨ અવશ્ય કરણીય, ૩ ધ્રુવ, ૪ નિગ્રહ, ૫ વિશોધિ ૬ અધ્યયન ષટ્ક, ૭ વર્ગ, ૮ ન્યાય, ૯ આરાધના અને ૧૦ માર્ગ. એ તેના સમાન અર્થસૂચક દશ પર્યાય નામ છે. હવે તે દરેક નામની વ્યુત્પત્તિ વિગેરેથી સાર્થકતા બતાવે છે.

૧ સાધુ જનોએ તેમજ શ્રાવક જનોએ અહોરાત્ર મધ્યે અવશ્ય કરવું જોઇએ તેથી તે આવસ્સય-**આવશ્યક** કહેવાય છે. અથવા **આ**=મર્યાદા-અભિવિધિ વાચક હોવાથી આ-મર્યાદા-અભિવિધિવડે ગુણોનો અપાશ્રય એટલે આધાર એવો તેનો અર્થ થઇ શકે છે, તેથી તે આવસ્સય-**આપાશ્રય** એટલે ગુણાધાર કહેવાય છે. અથવા જ્ઞાનાદિક ગુણો પ્રત્યે **આ** સમન્તાત્ આત્માને **વશ** કરે છે તેથી તે **આવસ્સય-આવશ્યક** કહેવાય છે. અથવા ગુણશૂન્ય ( ગુણ રહિત ) આત્માને ગુણોવડે આ સમન્તાત્ વાસે છે-વાસિત કરે છે તેથી આવસ્સય-આવાસક કહેવાય છે. અથવા વાસ-ધૂપાદિક જેમ વસ્ત્રને સુવાસ આપે છે તેમ સદ્ગુણોવડે આત્માને વાસે-ભાવે-રંજે તેથી પણ **આવાસ** કહેવાય છે. તેમજ વસ-આચ્છાદને એ અર્થથી જેમ વસ્ત્રવડે શરીરને આચ્છાદે છે તેમ અનેક સદ્ગુણોવડે આ-સમન્તાત્ આત્માને આચ્છાદે-વીંટી લે તે પણ આવસ્સય-**આવાસક** કહેવાય છે. એ બધી **આવસ્સય** રૂપ પર્યાય નામ વ્યાખ્યા કહી; એવી રીતે ' અવશ્ય કરણીય ' વિગેરે બાકીનાં પર્યાય નામો પણ સિદ્ધાન્ત-લક્ષણાનુસારે વિદ્વાન્ જનોએ વ્યાખ્યા કરી લેવી. તે એ રીતે મુમુક્ષુ જનોએ અવશ્ય કરવા યોગ્ય હોવાથી તે **અવશ્ય કરણીય** કહેવું તથા અર્થથી ધ્રુવ-શાશ્વત હોવાથી તે **ધ્રુવ** કહેવાય. એ વડે ઇન્દ્રિય કષાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ શત્રુઓનો નિગ્રહ કરી શકાય છે માટે તે **નિગ્રહ** કહેવાય. અન્ય આચાર્યો એમ કહે છે કે પ્રવાહથી અનાદિ કાળના હોવાથી કર્મને ધ્રુવ કહિયે. તે ધ્રુવ કર્મનો આ વડે નિગ્રહ કરી શકાય છે માટે તે **ધ્રુવ નિગ્રહ** પણ કહેવાય. કર્મવડે મલીન થયેલા આત્માની વિશુદ્ધિ હેતુક હોવાથી તે **વિશુદ્ધિ** કહેવાય. સામાયકાદિક છ અધ્યયનરૂપ હોવાથી તે **અધ્યયનષટ્ક** કહેવાય. રાગાદિક દોષો આ વડે દૂર વર્જી શકાય માટે તે **વર્ગ** કહેવાય. અન્ય આચાર્યો કહે છે કે છ અધ્યયનના સમૂહરૂપ હોવાથી તે **અધ્યયનષટ્કવર્ગ** પણ કહેવાય. અભીષ્ટ અર્થ સિદ્ધ કરવાનો સમ્યગ્ ઉપાય હોવાથી એ **ન્યાય** કહેવાય. અથવા જીવ અને કર્મનો અનાદિ કાળનો આશ્રયાશ્રયીભાવ સંબંધ તોડવાનો નિવેડો લાવે છે માટે તે **ન્યાય** કહેવાય. મોક્ષમાર્ગની આરાધના કરવા હેતુરૂપ હોવાથી તે **આરાધના** કહેવાય. અને મોક્ષનગરે પહોંચાડનાર હોવાથી તે માર્ગની પેરે **માર્ગ** કહેવાય. એ રીતે દશે પર્યાય નામોની સાર્થતા સમજી ભવ્યાત્માઓએ ભાવ આવશ્યક કરવા પૂરતો પ્રયત્ન સેવવો. ઇતિ શમ્.

**સન્મિત્ર કર્પૂરવિજયજી.**

# ભાવ-ઉપક્રમ.

( વિશેષાવશ્યકે પૃષ્ટ ૪૩૯-૪૪૦ )

અત્ર પ્રસ્તાવે જે ઇંગિત આકારાદિવડે પારકા હૃદયનો ભાવ જાણી લેવો -સમજી જવો તે સામાન્ય રીતે **ભાવ-ઉપક્રમ** કહેવાય છે. વિશેષ વ્યાખ્યા કરતાં તે ભાવઉપક્રમ બે પ્રકારનો કહ્યો છે. એક તો સંસારના કારણરૂપ અપ્રશસ્ત એટલે **માઠો** અને બીજો મોક્ષના હેતુરૂપ પ્રશસ્ત એટલે **રુડો**. તેમાં પ્રથમ અશુભ ભાવઉપક્રમ સંબંધી બ્રાહ્મણી વેશ્યા અને અમાત્યાદિકનાં દૃષ્ટાંત નીચે મુજબ કહ્યાં છે.

### પ્રથમ બ્રાહ્મણી દૃષ્ટાંત:

કોઇ એક બ્રાહ્મણીને ત્રણ પુત્રીઓ હતી. પરણ્યા બાદ તે બધી પુત્રીઓ સુખી થાય તેમ કરૂં એમ વિચારી માતાએ મોટી પુત્રીને કહ્યું કે જ્યારે તારો પતિ વાસભવનમાં તારી સાથે રમવા આવે ત્યારે તારે કંઇક ભૂલ યા અપરાધ બતાવીને તારા પતિને પગની લાત મારવી. પછી તે જે કરે તે મને જણાવજે. પુત્રીએ પણ તેમજ કર્યું. એટલે તેનો પતિ પણ સ્નેહઘેલો બની 'અરે પ્રાણથી અત્યંત વ્હાલી સ્ત્રી ! ત્હારો સુકુમાળ ચરણ દુઃખાયો હશે ' એમ કહી તેણીના ચરણને દબાવવા લાગ્યો. આ બનેલી હકીકત પુત્રીએ માતાને જણાવી. માતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જમાઇના હૃદયનો ભાવ જાણીને પુત્રીને કહેવા લાગી કે 'હે પુત્રી! ત્હારા ઘરમાં તને રૂચે તેમ કરજે, ત્હારો ધણી તારૂં વચન લોપશે નહિં.' બીજી પુત્રીને એમજ શિખવ્યું એટલે તેણીએ પણ પોતાના પતિને પગનો પ્રહાર કર્યો. તેથી 'કુળવંતી સ્ત્રીને આમ કરવું ઘટે નહિં' એમ કહી લગારેક રીસ કરી તેનો પતિ મૌન રહ્યો. એ હકીકત માતાને જણાવ્યાથી તેણીએ કહ્યું કે 'પુત્રી! તું પણ ત્હારા ઘરમાં યથેષ્ટ મજા કર. ત્હારો પતિ લગારેક રીસ કરી બેસી રહેશે.' ત્રીજી પુત્રીએ પણ માતાની શિખામણથી તેવીજ રીતે પોતાના પતિને પગ પ્રહાર કર્યો એટલે તેણે તત્કાળ અત્યંત કોપ કરીને કહ્યું કે 'નિશ્ચે તું કુળવંતી નથી, તેથીજ આવું અઘટિત આચરણ કરે છે' એમ કહી ખુબ માર મારીને ઘરમાંથી તેણીને કાઢી મૂકી. તેણે માતા પાસે આવી સર્વ હકીકત જણાવી. જમાઇના સ્વભાવથી વાકેફ થયેલી તે જમાઇ પાસે આવી કહેવા લાગી કે 'હે વત્સ! પ્રથમ સમાગમ વખતે વહુએ વરને આમ કરવું જોઇએ એવી અમારી કુળ રીતિ છે' એમ કહી જમાઇને સમજાવી પુત્રીને ઠેકાણે પાડી. અને પુત્રીને કહ્યું કે 'હે બેટા! ત્હારો ભર્તાર વસમો છે, એ ત્હારા દાબમાં રહેશે નહિં, તેથી ત્હારે તેને પરમ દેવની પેરે પ્રમાદ રહિત સેવવોજ યોગ્ય છે,' **ઇતિ બ્રાહ્મણી દૃષ્ટાંતઃ**

## હવે ગણિકાનું દૃષ્ટાંત કહે છેઃ—

કોઇ એક નગરમાં ૬૪ કળામાં કુશળ, રૂપ લાવણ્યાદિક ગુણવાળી **દેવદત્તા** નામની વેશ્યા વસે છે. તેણીએ કામી જનોનો અભિપ્રાય જાણી લેવા માટે ભોગ વિલાસ કરવાને સ્થાને ભિંતો ઉપર સ્વસ્વ વ્યાપારને કરતી સર્વ રાજપુત્રાદિક જાતિયોનાં ચિત્રામણ કરાવેલાં છે. ત્યાં જે કોઇ રાજપુત્રાદિક આવે છે તે જે જે અભ્યાસમાં કુશળ હોય છે તે તે સંબંધીજ ચિત્રામણ દેખીને બહુ પ્રશંસા કરે છે. એ ઉપરથી આ વેશ્યા આવનારને રાજપુત્ર કે બીજો જાણી નિર્ધારી તેની સાથે યથોચિત વર્તે છે. આવનાર કામીજનોની ઇચ્છાનુસાર વર્તવાથી તેણીને તેઓનું પુષ્કળ ધન મળે છે. **ઇતિ ગણિકા દૃષ્ટાંતઃ**

## હવે અમાત્યનું દૃષ્ટાંત કહે છે.

કોઇ એક નગરમાં રાજા અમાત્ય સાથે ઘોડા ખેલાવવા નીકળ્યો. માર્ગમાં જતાં રાજાના ઘોડાએ શૂન્ય સ્થળમાં પેશાબ કર્યો. તે સ્થળની ભૂમિ સ્થિર હોવાથી ઘોડાનું મૂત્ર જળ ત્યાંજ બંધાઇ ગયું. રયવાડીથી પાછા ફરતી વખતે રાજાએ ઘણો સમય થયા છતાં નહિં સૂકાયેલું મૂત્ર જળ તે અવસ્થામાંજ પડેલું જોયું, અને વિચાર્યું કે આ સ્થળે ચિરકાળ પાણી ટકી રહે એવું સુંદર તળાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ શકશે એમ વિચારતો તે રાજા ઉક્ત સ્થળ સામે ઘણો વખત જોઈ રહ્યો. તેથી ઇંગિત આકારની કુશળતાવડે રાજાના હૃદયનો વિચાર જાણી લઇ રાજાનો હુકમ મેળવ્યા વગર અમાત્યે તેજ સ્થળે એક વિશાળ તળાવ બંધાવ્યું. અને તેની પાળ ઉપર સર્વ રૂતુ સંબંધી ફૂલ ફળ નીપજે એવાં અનેક જાતિનાં વૃક્ષો વવરાવ્યાં. અન્યદા તેજ માર્ગે જતાં રાજાએ તે વિશાળ સરોવર દેખીને પૂછ્યું કે 'માનસ સરોવર જેવું રમણિક આ સરોવર કોણે બનાવ્યું?' ત્યારે અમાત્યે કહ્યું કે 'આપે જ.' ચકીત થઇને રાજા બોલ્યો કે 'શી રીતે? મેં આ સરોવર કરાવવા કોને ક્યારે આજ્ઞા આપી છે?' ત્યારે અમાત્યે બનેલી બધી હકીકત સંભળાવી. તેથી 'અહો! આ અમાત્ય પારકા ચિત્તને કેવો સમજી જાય છે' એમ વિચારી પ્રસન્ન થયેલા રાજાએ તેની આજીવિકામાં વધારો કરી આપવાદિકવડે તેના ઉપર અનુગ્રહ કર્યો. એ આદિક સંસાર ફળ આપનાર બીજો પણ અપ્રશસ્ત ભાવ ઉપક્રમ પોતાની બુદ્ધિવડે સુજ્ઞ જનોએ જાણી લેવો.

હવે **પ્રશસ્ત** એટલે રૂડો **ભાવ ઉપક્રમ** શાસ્ત્રકાર બતાવે છે.

અત્ર પ્રસંગે જે રૂડા મનનો શિષ્ય સ્વહિતાર્થે શ્રુત અભ્યાસાદિક માટે શુભ હેતુથી ઇંગિત આકારાદિવડે ગુરૂ મહારાજના હૃદ્ગત ભાવ જાણી લઈ ગુરૂ મહારાજને પ્રસન્ન કરવા પ્રવર્તે તે મોક્ષ-ફળને આપવામાં હેતુરૂપ હોવાથી **પ્રશસ્ત ભાવ ઉપક્રમ** કહેવાય છે. તેનો જ અત્ર અધિકાર છે. ગુરૂ મહારાજના ચિત્તને પ્રસન્ન રાખવું તે નિમિત્તે હરેક રીતે ગુરૂની અનુકૂળતા સાચવવી એ શિષ્યનું ખાસ કર્તવ્ય છે. ઇંગિત આકાર પ્રમુખમાં કુશળ હોય તે શિષ્ય તેવી સર્વ અનુકૂળતા સાચવીને ગુરૂનું ચિત્ત સુપ્રસન્ન રાખે છે. અને એવી અનુકૂળ પ્રવૃત્તિથી ગુરૂ મહારાજ પ્રસન્ન થઇ વિનીત શિષ્યને શાસ્ત્ર-રહસ્ય સારી રીતે બતાવે છે.

કદાચ કુશળ શિષ્ય પ્રત્યે પૂજ્ય ગુરૂ એમ કહે કે 'હે વત્સ! આ ઉજવળ કાગને તું જો!' ત્યારે પણ તેમનું તે વચન શિષ્યે માન્ય જ રાખવું અને તેનું રહસ્ય જાણવાની ઇચ્છા હોય તો બીજે વખતે એકાન્તમાં ગુરૂ પ્રત્યે તેનું કારણ પૂછવું. સુવિનીત શિષ્યની તેવી જિજ્ઞાસા ગુરૂ મહારાજ પૂર્ણ કરેજ. જેમ રાજાની ઇચ્છાથી ગુરૂ મહારાજાએ 'ગંગા નદી કઈ મુખી વહે છે?' એમ શિષ્યને તપાસી લાવવા કહ્યું. તે શિષ્યે બરાબર તપાસીને જણાવ્યું. તેમ ગુરૂ મહારાજ સંબંધી સર્વ કોઈ કાર્ય કરવામાં શિષ્યવર્ગે સાવધાન રહેવું.

એ વાતનો પરમાર્થ કથાનક ઉપરથી સ્ફુટ સમજાશે માટે તે કહે છે—

**કન્યકુબ્જ** નગરમાં કોઇએક રાજાએ આચાર્ય સાથે વાત પ્રસંગે કહ્યું કે 'રાજપુત્રો વિનયવંત હોય છે.' ત્યારે આચાર્યે જણાવ્યું કે 'સાધુઓ વિનયવંત

For Private And Personal Use Only

હોય છે.' રાજાનો તંત જોઈ આચાર્યે કહ્યું કે 'સર્વોત્કૃષ્ટ ગુણવાળા તમારા રાજપુત્રની પરીક્ષા કરિયે અને અમારો જે સાધુ તમને અવિનીત દેખાતો હોય તેની પરીક્ષા કરિયે.' રાજાએ તે કબુલ રાખ્યું. પછી આપસમાં સંકેત કરીને અતિ વિનયવંત ગણાતા રાજપુત્રને આજ્ઞા કરી કે 'ગંગા કઈ મુખી વહે છે? તે શોધી લાવ.' રાજપુત્રે કહ્યું કે 'આમાં શું શોધવાનું છે? બાળ ગોપાળ સહુ કોઇ જાણે છે કે ગંગા પૂર્વમુખી વહે છે.' રાજાએ કહ્યું કે 'અહિંજ શું વિતંડાવાદ કરે છે? જરા જઇને જોતો ખરો.' એમ કહેવાથી મનમાં ખેદ જાગ્યા છતાં, મહા મુશીબતે તેને ઢાંકી રાખી ત્યાંથી તે બાહાર નીકળ્યો. સિંહદ્વારે નીકળતાં કુમારને કોઈ મિત્રે પૂછ્યું કે 'ભાઇ! કઈ બાજુ જવું થાય છે?' ત્યારે તેણે રોષયુક્ત કહ્યું કે 'અરણ્યમાં રોઝડાઓને લૂણ દેવા જાવું છે.' મિત્રે કહ્યુ 'એવું શું થયું છે?' ત્યારે રાજપુત્રે રાજાએ ફરમાવેલી સઘળી હકીકત તેને કહી સંભળાવી. પછી મિત્રે કહ્યું કે 'જો રાજાને ભૂત લાગ્યું છે તો તારે પણ શું એમજ કરવું? પાછો જઇને કહે કે–મેં ગંગા નદી નિરખી જોઈ. તે પૂર્વ સન્મુખી વહે છે.' રાજપુત્રે તેમજ કર્યું. છુપા બાતમીદારે રાજાને સર્વ વાત જણાવી. તેથી ભોંઠા પડેલા રાજાએ કહ્યું કે 'ઠીક, હવે સાધુની પણ પરીક્ષા કરિયે.' પછી રાજાએ જેને અવિનીત જેવો જોઇને બતાવ્યો તે સાધુની પરીક્ષા માટે કબુલ થયેલા ગુરૂ મહારાજે શિષ્યને બોલાવી કહ્યું કે 'જઇને તપાસ કર કે કઈ દિશાએ ગંગા વહે છે?' 'ગંગા પૂર્વાભિમુખી વહે છે એમ ગુરૂ મહારાજ જાણે છે છતાં આમ પૂછવાનું કંઈ પણ કારણ હશે' એમ મનમાં નિશ્ચય કરી શિષ્યે કહ્યું કે "આપની આજ્ઞા પ્રમાણ છે" એમ કહી તે ત્યાંથી નીકળ્યો અને ગંગા પાસે આવ્યો. આવીને જાતે તેની તપાસ કરી, વળી બીજાને પૂછી શુષ્ક તૃણ કાષ્ઠાદિક વહેતાં જોઈ તે પૂર્વ સન્મુખી વહે છે એમ નિશ્ચય કરી ગુરૂ મહારાજ પાસે આવી જણાવ્યું કે 'મેં આવી આવી રીતે ખાત્રી કરી ગંગા પૂર્વ સન્મુખી વહે છે એમ નિર્ણય કર્યો છે. બાકી તત્ત્વ તો આપ જાણો મતલબ કે મેં તો આવી રીતે ખાત્રી કરી છે, બાકી આપ કહો તે પ્રમાણ છે.' છાની બાતમી આપનારે આ શિષ્ય સંબંધી સઘળી ચેષ્ટા–હકીકત રાજાને નિવેદન કરી. એટલે હર્ષસહિત રાજાએ ગુરૂ મહારાજનું વચન કબૂલ કર્યું. ભા ઉપક્રમ ઉપર આ શિષ્યનું દૃષ્ટાંત કહ્યું તેમ, ગુરૂ મહારાજનો હૃદગત આશ સમજી, અન્ય શિષ્યોએ પણ ગુરૂના આશય અનુસાર ચાલી તેમની પ્રસન્ન મેળવવા અવશ્ય પ્રયત્ન કરવો.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जीवदया–अनुकंपा दान.

( ઉપદેશ તરંગિણ્યામ્ )

( લેખક–મુનિ કર્પૂરવિજયજી. )

**" જીવદયા ગુણ વેલડી, રોપી રિસહ જિણંદ; ।**
**શ્રાવક કુલમંડપ ચઢી, સીંચી કુમરનરિંદ. "**

જીવદયા રૂપી ગુણની વેલડી **યુગાદિ ભગવાને** આ ભરતક્ષેત્રમાં રોપી, તેને ત્યાર બાદ થયેલા અનેક જૈન રાજા મહારાજાઓએ પોષણ આપ્યું. એટલે તે વધીને શ્રાવકના કુળરૂપી માંડવા ઉપર ચઢી–આરૂઢ થઇ–છવાઈ રહી. તેને ફરી આ કલિકાળમાં થયેલા પરમાર્હત **શ્રી કુમારપાળ ભૂપાળે** અત્યંત સિંચીને દૃઢ રૂઢ કરી દીધી. તેમના પોતાના રાજ્યમાં ૧૧ લાખ અશ્વોને ગળેલું પાણી પાવામાં આવતું ઇત્યાદિક જીવદયાને લગતો ઘણો હેવાલ **કુમારપાળપ્રબંધ, ચરિત્ર** તથા **રાસ** પ્રમુખમાંથી મળી આવે છે. અન્ન એ પ્રાણીઓના પ્રાણ, પ્રાણીઓનું ઓજસ અને સુખૌષધિ છે માટે અન્નદાન પ્રધાન છે. અન્ન, જળ અને સુભાષિત એ ત્રણ વાનાં પૃથ્વીમાં ખરાં ( આવશ્યક ) રત્ન છે. કેમકે એ પ્રાણીઓને સદ્ય તુષ્ટિ પુષ્ટિ સમર્પે છે. એ હોય તોજ બીજા બધાં વાનાં સોહાય-છે, નહિં તો તે અળખામણાં થઇ પડે છે. એમ સમજી સુજ્ઞ જનોએ પ્રાણીઓને પુષ્ટ પ્રીતિકારી નિર્દોષ અન્નાદિ દાન ખંતથી આપવું ઘટે છે. લોકમાં કહેવાય છે કે 'રંગ પાનિકિં પાનિ' એ સર્વ અન્નદાનનો મહિમાજ બતાવે છે. **શ્રી સંપ્રતિ** રાજાએ જૂદા જૂદા દેશોમાં ૭૦૦ દાનશાળાઓ દીન દુઃખી જનોનો ઉદ્ધાર કરવા ચાલુ કરાવી હતી. જો કે મોક્ષફળદાયી દાનમાં પાત્રાપાત્રની વિચારણા કર્તવ્ય છે; પરંતુ ગમે તે દીન દુઃખી જનો પ્રત્યે અનુકંપાદાનનો કયાંય નિષેધ કરવામાં આવેલો નથી. એટલુંજ નહિં પરંતુ દયાવડેજ કોઇપણ પ્રાણી ધર્મનો અધિકારી થઈ શકે છે. દયા–અનુકંપા વગરની કરણી માત્ર નિષ્ફળ-પ્રાય છે. ત્યારે દયાવડે સર્વ કરણી શોભામય અને સફળ થાય છે, એમ સમજી શ્રી જગડુશાહે ભારે દુષ્કાળમાં દુનિયામાં અનેક સ્થળોમાં દાનશાળાઓ સ્થાપી અનેક જનોનો ઉદ્ધાર કર્યો હતો. તેનો અધિકાર કંઇક સ્પષ્ટ રીતે સમજવા જેવો હોવાથી નીચે લખ્યો છે. એકદા સમયે જગડુશાહ ભોજન કરવા બેઠા હતા, ત્યારે કોઇક વૃદ્ધ–સિદ્ધ પુરૂષ તેમના દ્વારે આવી ઉભો રહ્યો. મધ્યાહ્ન સમય થયેલો હોવાથી તેને આદરપૂર્વક બેસાડી શેઠે જમાડયો. ઘણું ભોજન અને પાણી આપ્યા છતાં તેને તૃપ્તિ થઈ નહિં ત્યારે આશ્ચર્ય પામી શેઠે તેને તેનું કારણ પૂછ્યું. એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે સિદ્ધ પુરૂષે કહ્યું કે 'આજથી માંડી પાંચ વર્ષે નવાં ધાન્ય અને નવાં જળ નજરે પડશે.' એમ કહી તે અદૃશ્ય થઇ ગયો. એ વચન ઉપરથી પાંચ વર્ષનો દુકાળ પડવાનો જાણી શેઠે પોતાના નોકરો પાસે સર્વ શક્તિથી સર્વ દેશોમાં ધાન્યનો સંગ્રહ કરાવ્યો. અને દુકાળથી લોકોનું રક્ષણ કરવા માટે જૂદે જૂદે સ્થળે ૧૧૨ દાનશાળાઓ સ્થાપી દીન જનોને યથેચ્છ દાન આપવા માંડ્યું. **જગડુ**-શેઠની એવી કીર્ત્તિ સાંભળી **વીસળદેવ** રાજાએ વિશ્વલનગરમાં એક દાનશાળા માંડી, પણ તેમાં સંપત્તિના અભાવે ઘીને બદલે તેલ આપવા માંડ્યું, તેથી કોઇક ચારણે કહ્યું કે 'તું પરીસઇ ફાલિસિઉં, એઉ પરીસઇ ઘી' (તું તેલ પીરસે છે અને જગડૂશેઠ તો ઘી પીરસે છે)! એ વચન સાંભળી મત્સર તજી તેણે જગડુશાહપાસે પ્રણામ કરાવવો બંધ કર્યો. જગડુશાહ જ્યાં દાન દેવાની માંડવીમાં બેસી દ્રવ્ય દેતા હતા ત્યાં વચમાં એક પડદો બંધાવતા હતા. એવી મતલબથી કે જે કુલીન જનો લજ્જાવડે પ્રગટ દાન લઇ ન શકે તે પોતાનો હાથ પરદામાં જગડૂ-શાંપાસે લંબાવે એટલે શેઠ સહુ સહુના ભાગ્ય પ્રમાણે ૧૦૦–૨૦૦ વિગેરે રકમ આપે. એક વખતે પોતાના ભાગ્યની પરીક્ષા કરવા વીસલદેવે પંડે વેષ પરાવર્તન કરીને એકલા આવી પડદામાં પોતાનો જમણો હાથ ધર્યો એટલે તેના હાથની રેખાઓ અને લક્ષણોવડે તેને કોઇ ભાગ્યવંત રાજા છતાં કંઇક તેવાજ દુઃખમાં આવી પડેલો જાણી તેની જીંદગી પર્યંત સુખ થાય એટલા માટે શેઠે તેના હાથમાં પોતાની મણિમંડિત એક મુદ્રિકા (વીંટી) કાઢી મૂકી. તે લઈ ક્ષણવાર ખમી ફરી ડાબો હાથ તેણે લંબાવ્યો. તે જોઇ શેઠે તેમાં બીજી મુદ્રિકા મૂકી. તે બંને મુદ્રિ-કાઓ લઇ તે પોતાના આવાસમાં આવ્યો. બીજે દિવસે જગડુશાહને બોલાવી તે બંને મુદ્રિકા બતાવી કહ્યું કે 'શેઠ આ શું?' ત્યારે શેઠે કહ્યું કે 'સુખી જનોને સર્વત્ર સુખજ છે અને દુઃખીને દુઃખજ છે.' એમ સાંભળી શેઠનો સ-ત્કાર કરી તેને બહુમાનપૂર્વક વિદાય કર્યો. એ રીતે અનુકંપાદાન ઉપર જગડુ-શાહનું દૃષ્ટાંત કહ્યું છે તે સાંભળી અધિક દયાર્દ્ર થવું.

વળી **ભીમસાધુ**એ પણ દુઃખી વણીકોના ઘરે લજ્જાવંત (લાજવાળા) ના હિતમાટે જેમાં ગુપ્ત રીતે સોના મહોરો અને રૂપા મહોરો નાંખવામાં આવેલી હતી એવાં મોદક મોકલી આપ્યા હતા, તેમજ **પાટણ** વિગેરે શહેરોમાં ઘણી દાનશાળાઓ કાઢી હતી, વળી તુરૂકોએ હેરી લીધેલા સોરઠદેશ વિગેરેના બધા બાળ વૃદ્ધ જનોને પોતાનું દ્રવ્ય આપીને છોડાવ્યા હતા, અને તેમને અન્ન વસ્ત્ર તથા દ્રવ્યાદિક દઇને સુખી કર્યા હતા.

એકદા રહેવાડીએ ચડેલા **ભોજરાજાએ** ચૌટામાં ધાન્ય વીણતા **રાજ**-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શેખર કવિને** દેખી આ પ્રમાણે કહ્યું. 'જે પોતાનું ઉદર પૂરવાને પણ અસમર્થ છે તેમના જન્મનું પ્રયોજન શું છે?' અર્થાત્ તેમનું જીવિત નકામું છે. **ભોજનું** એવું વચન સાંભળી કવિ બોલ્યા કે 'સુસમર્થ છતાં પણ જે પરોપકારી નથી તેમના જન્મનું પણ શું પ્રયોજન છે?' અર્થાત્ તેમનું પણ જીવિતફોક છે. તે સાંભળીને ફરી ભોજરાજાએ કહ્યું કે 'હે જનનિ! (પૃથ્વી-માતા) તું એવા પુત્રને જન્મ આપીશ નહિં, કે જે અન્યની યાચના કરવામાંજ કુશળ હોય.' તે સાંભળી કવિ બોલ્યા કે 'હે માતા! તું એવા પુત્રને પણ ઉદરમાં ધારીશ નહિં કે જે કરેલી પ્રાર્થનાનો ભંગ કરે.' મતલબ કે એવા નગુણા પરોપકાર દાક્ષિણ્યતાદિક ગુણથી હીન જનોનો જન્મ પણ નકામો છે, એમ તે કવિએ કહ્યે છતે દાનવીર એવા ભોજરાજાએ તે કવિને ૧૦૦ ગામ અને એક ક્રોડ સોનામહોરની બક્ષીશ કરી.

એ રીતે ભોજરાજા **અનુકંપાદાન** દેતો હતો. તથા **વિક્રમાદિત્ય** રાજાએ પણ સુવર્ણ પુરૂષના પસાયથી સુવર્ણ વર્ષાવી પૃથ્વીને અનૃણ કરી હતી, તેથી અદ્યાપિ પર્યંત તેનો **સંવત્સર** પ્રવર્તે છે. એકદા સમયે **લક્ષ્મીદેવીએ** પ્રસન્ન થઇ પ્રગટપણે વિક્રમ રાજાને **વરદાન** માગવા કહ્યું. ત્યારે તેણે લોકોની અનુકંપાથી 'માળવા દેશમાં કદાપિ દુકાળ ન પડે' એવું વરદાન માગ્યું, જે યાવત્ચંદ્રદિવાકરો એટલે કાયમને માટે દેવીએ કબૂલ રાખ્યું. અત્યારે પણ દુર્બળ લોકોને દુકાળમાં **માલવદેશજ** આધાર ગણાય છે.

વિક્રમાદિત્ય રાજાએ પોતાના કોશાધ્યક્ષ (ભંડારી) ને કાયમ માટે હુકમ કરી રાખ્યો હતો કે કોઇ પણ દુઃખી માણસ નજરે પડે તેને હજાર સોનામહોર, જેની સાથે મારે સંભાષણ થાય તેને ૧૦ હજાર, જેના વચનથી હું હસું તેને એક લક્ષ, અને જેનાથી મને ઘણોજ સંતોષ થાય તેને ૧ ક્રોડ સોનામહોર આપી દેવી. દાનેશ્વરી વિક્રમરાજાની એ સદાની સ્થિતિ હતી. અનુકંપાદાનનું કેટલું મહાત્મ્ય કહિયે? ટુંકાણમાં—

ઉત્કૃષ્ટ આરોગ્ય, નિષ્કંટક રાજ્ય (અખંડ સામ્રાજ્ય), પ્રગટ નિરૂપમ રૂપ-લાવણ્ય, અતિ ઉજ્વળ-યશ-કીર્ત્તિ, વળી ધન, યૌવન, દીર્ઘ આયુષ્, અકુટિલ પરિવાર, અને આજ્ઞાવર્તી ઉદાર દીલનાં પુત્રો એ બધું આ ચરાચર જગતમાં **દયાનું** જ ફળ સમજવું. દુનિયામાં જે કંઇ ભવ્ય, આશ્ચર્યકારી, આનંદકારી અથવા પ્રશંસાપાત્ર દેખાય છે તે સર્વ કૃપા-દેવીનો જ પ્રભાવ જાણવો. કહ્યું છે કે—

" कृपानद्यामहातीरे, सर्वे धर्मास्तृणाङ्कुराः ।
तस्यां शोषमुपेतायां, कियन्नंदंति ते चिरम् ॥ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે કૃપા નદીના વિશાળ કાંઠે સર્વે ધર્મો તૃણાંકૂર (Green verdure)-લીલા છમ ઘાસની પેરે વિલસી રહે છે પરંતુ તે કૃપાનદી જ્યારે સૂકાઇ જાય છે ત્યારે પછી તે કયાં સુધી ટકી શકે છે? તરતજ ત્યાં ઉગેલા ઘાસની પેરે ધર્મ પણ શોભા રહિત-સાર સત્વરહિત ફીકોફક્ક પડી જાય છે. એ તો જ્યાંસુધી દયાનો પ્રવાહ વહેતો હોય છે ત્યાંસુધી જ સર્વ શોભા-સાર-સત્વ-આનંદ અને સુખ સમાધિ સમર્પે છે. પછી તો તે કેવળ નામશેષજ રહે છે. અત્ર પ્રસંગે જે જે મહાપુરૂષોનાં ઉદાર ચરિત્ર કહેવાયાં છે તેમાંથી સાર માત્ર એ લેવાનો છે કે આપણ સહુએ આપણું હૃદય કોમળ લાગણીવાળું-દયાર્દ્ર કરી કઠોરતા દૂર કરી, દીન દુઃખી જનોની વ્હારે ચઢી 'પરદુઃખ ભંજન' બિરૂદ પ્રાપ્ત કરવું યોગ્ય છે.

ઇતિશમ્.

# तप संबंधी खुलासो.

ચાલુ વર્ષના ત્રીજા અંકમાં સંવર મુનિની કથામાં તેમણે જે જે તપ કર્યા તેમાં ભદ્ર, મહાભદ્ર, ભદ્રોત્તર અને સર્વતોભદ્ર એ ચાર પ્રકારના તપ કર્યા છે, તેની નોટ સાધારણ સમજને અંગે નીચે લખવામાં આવેલી છે. પણ તે તપનું જે સ્થાને વર્ણન લખેલ છે તે તપાસતાં તેમાં ભૂલ થયેલી છે. એ ચારે પ્રકારના તપોમાં ઉપવાસ ને પારણા તો તેમાં લખ્યા પ્રમાણે જ છે પણ ઉપવાસ કરવાની રીતિમાં ફેર છે તે નીચે પ્રમાણે—

**ભદ્ર તપ**—૧-૨-૩-૪-૫ એમ ૧૫ ઉપવાસ ને પાંચ પારણે એક લતા, ૩-૪-૫-૧-૨ એમ ૧૫ ઉપવાસ ને પાંચ પારણે બીજી લતા, ૫-૧-૨-૩-૪ એમ ૧૫ ઉપવાસ ને પાંચ પારણે ત્રીજી લતા, ૨-૩-૪-૫-૧ એમ ૧૫ ઉપવાસ ને પાંચ પારણે ચોથી લતા ને ૪-૫-૧-૨-૩ એમ ૧૫ ઉપવાસ ને પાંચ પારણે પાંચમી લતા-એ પ્રમાણે ૭૫ ઉપવાસ ને ૨૫ પારણા મળી સો દિવસે પાંચ ઓળીઓ. તે પ્રમાણે ભદ્ર તપ થાય.

**મહાભદ્ર તપ**—૧-૨-૩-૪-૫-૬-૭ એમ ૨૮ ઉપવાસ ને ૭ પારણે પહેલી ઓળી, ૪-૫-૬-૭-૧-૨-૩ એમ ૨૮ ઉપવાસ ને ૭ પારણે બીજી ઓળી, ૭-૧-૨-૩-૪-૫-૬ એમ ૨૮ ઉપવાસ ને ૭ પારણે ત્રીજી ઓળી, ૩-૪-૫-૬-૭-૧-૨ એમ ૨૮ ઉપવાસ ને ૭ પારણે ચોથી ઓળી, ૬-૭-૧-૨-૩-૪-૫ એમ ૨૮ ઉપવાસ ને ૭ પારણે પાંચમી ઓળી, ૨-૩-૪-૫-૬-૭-૧ એમ ૨૮ ઉપવાસ ને ૭ પારણે છઠ્ઠી ઓળી, ૫-૬-૭-૧-૨-૩-૪ એમ ૨૮ ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસ ને ૭ પારણે સાતમી ઓળી–કુલ ૧૯૬ ઉપવાસ ને ૪૯ પારણે–એકંદર ૨૪૫ દિવસે મહાભદ્ર તપ થાય.

**ભદ્રોત્તર તપ**—૫–૬–૭–૮–૯ એમ ૩૫ ઉપવાસ ને પાંચ પારણે પહેલી ઓળી, ૭–૮–૯–૫–૬ એમ ૩૫ ઉપવાસ ને પાંચ પારણે બીજી ઓળી, ૯–૫–૬–૭–૮ એમ ૩૫ ઉપવાસ ને પાંચ પારણે ત્રીજી ઓળી, ૬–૭–૮–૯–૫ એમ ૩૫ ઉપવાસ ને પાંચ પારણે ચોથી ઓળી અને ૮–૯–૫–૬–૭ એમ ૩૫ ઉપવાસ ને પાંચ પારણે પાંચમી ઓળી–એમ એકંદર ૧૭૫ ઉપવાસ ને ૨૫ પારણા મળી ૨૦૦ દિવસે ભદ્રોત્તર તપ થાય.

**સર્વતોભદ્ર તપ**—૫–૬–૭–૮–૯–૧૦–૧૧ એમ ૫૬ ઉપવાસ ને ૭ પારણે પહેલી ઓળી, ૮–૯–૧૦–૧૧–૫–૬–૭ એમ ૫૬ ઉપવાસ ને ૭ પારણે બીજી ઓળી, ૧૧–૫–૬–૭–૮–૯–૧૦ એમ ૫૬ ઉપવાસ ને ૭ પારણે ત્રીજી ઓળી, ૭–૮–૯–૧૦–૧૧–૫–૬ એમ ૫૬ ઉપવાસ ને ૭ પારણે ચોથી ઓળી, ૧૦–૧૧–૫–૬–૭–૮–૯ એમ ૫૬ ઉપવાસ ને ૭ પારણે પાંચમી ઓળી, ૬–૭–૮–૯–૧૦–૧૧–૫ એમ ૫૬ ઉપવાસ ને ૭ પારણે છઠ્ઠી ઓળી, ૯–૧૦–૧૧–૫–૬–૭–૮ એમ ૫૬ ઉપવાસ ને ૭ પારણે સાતમી ઓળી–કુલ ૩૯૨ ઉપવાસ ને ૪૯ પારણા મળી ૪૪૧ દિવસે સર્વતોભદ્ર તપ થાય.

આ ચારે પ્રકારના તપ–ભદ્ર પ્રતિમા સંબંધી તપ, મહાભદ્ર પ્રતિમાનો તપ, ભદ્રોત્તર પ્રતિમાનો તપ ને સર્વતોભદ્ર પ્રતિમાનો તપ એમ પણ કહેવાય છે. આ તપ મુનિ મહારાજા કરે છે અને દરેક તપ અવિચ્છિન્ન કરવાનો હોવાથી ઉચ્ચ સંઘયણવાળા કરી શકે છે.

# ચાલુ પરિસ્થિતિ પર પ્રકીર્ણ વિચારો.

( ૨ )

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સાત અધિવેશનથી કેવા કેવા પ્રકારના લાભો થયા છે અને તેણે વ્યક્તિઓના વિચાર વાતાવરણમાં કેટલો મોટો ફેરફાર કર્યો છે તેનું સામાન્ય દિગ્દર્શન આપણે કર્યું. હવે એ સંસ્થાના સંબંધમાં જે વાંધાઓ લેવામાં આવે છે તેના સંબંધમાં વિચાર કરવો ખાસ પ્રસ્તુત છે. એ સંબંધમાં વિવેચન કરતી વખત કેટલાક મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂરીઆત છે. પ્રથમ હકીકત એ છે કે લાભાલાભની તુલના કરતી વખત એકલા સ્થૂલ વિષય ઉપરજ આધાર રાખી નિર્ણય ઉપર આવી જવું નહિ; પણ આંતરિક લાભાલા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્ને પણ લક્ષ્યમાં લેવા. બીજું લાભાલાભનો વિચાર કરતાં કદાચ સહજ નુકશાન જણાય તો તે પર લક્ષ્ય આપવા સાથે મોટા લાભ તરફ ખાસ ધ્યાન આપવું અને સરવાળે વિશેષ લાભ જણાય તે કાર્ય વણિગ્ બુદ્ધિથી આદરવું અને ત્રીજું આવી બાબતમાં પોતાના બાંધી લીધેલા મનોથી ઘસડાઇ ન જતાં નિષ્પક્ષપાતપણે વિચાર કરી નિર્ણય ઉપર આવવું. મુખ્યત્વે કરીને જો આટલી બાબત ધ્યાનપર રહે તો એવા નિર્ણય ઉપર આવી શકાય છે કે જે નિર્ણયની વાસ્તવિક કિંમત હોય. પ્રસંગે બીજા મુદ્દાઓ ઉપર પણ ધ્યાન ખેંચવામાં આવશે પરંતુ એક વાત અત્ર જણાવી દેવી ઉચિત છે કે અમે પોતે જો કે એક પ્રકારના વિચારના છીએ અને તેથી બાંધેલા વિચારથી દોરવાઇ જતા હોઇએ એવો ખ્યાલ મગજમાં રહેવાથી આ સવાલની વિચારણા વખતે જેટલા પૂરતું બની શકે તેટલું ખ્યાલ પર ચાલ્યા ન જવાના વિચારને અવલંબી દીર્ઘ વિચારને પરિણામે જે નિર્ણય થયેલા છે તે અન્ય જવાબદાર વ્યક્તિઓના વિચાર માટે બહાર મૂકવાના ઠરાવ પર આવ્યા છીએ અને આ સવાલને અંગત ન બનાવતાં કોમના ભવિષ્યના મહાન્ હિતને જ લક્ષ્યમાં રાખી અત્ર વિચારો બતાવ્યા છે.

પ્રથમ વાંધો એ લેવામાં આવે છે કે કોન્ફરન્સના અધિવેશનથી ખર્ચ બહુ થાય છે અને તેના પ્રમાણમાં તેથી લાભ થતો નથી. આ વાંધો વિચારતાં તેનો નિર્ણય બે પ્રકારે સંતોષકારક રીતે થઈ શકે તેમ છે. પ્રથમતો ખર્ચ ધારવામાં આવે છે તેવું મોટું થતું નથી. એક ગૃહસ્થને ત્યાં લગ્ન હોય તો તે પ્રસંગ ઉપર સારી રકમ ખરચી પોતાની પ્રતિષ્ઠા પ્રમાણે ધનનો વ્યય કરે છે તો પછી મહા પુણ્યનો ઉદય હોય ત્યારે સમસ્ત આર્યાવર્તના સ્વધર્મી બંધુઓને પોતાને આંગણે આમંત્રવાની પ્રબળ ભાવના થતાં તેમના આગતસ્વાગતમાં જે ખર્ચ થાય તે સારી રીતે થયેલો ખર્ચજ કહેવાય. આપણે સંઘ–નવકારશીના જમણમાં જે લખલુટ ખર્ચ કરીએ છીએ તેના પ્રમાણમાં આ ખર્ચ મોટું નથી. વળી બાળ જીવો હમેશાં બાહ્ય દેખાવ તરફ પ્રથમ આકર્ષાય છે તેથી એક મહા લાભ કરનારી હિલચાલને લોકપ્રિય બનાવવા માટે પ્રથમ ભોજનાદિના ખર્ચ ઉપરાંત મંડપ વિગેરેથી પણ આકર્ષક રચના કરવી ઉચિત ગણાય છે. આ નિર્ણય પર આવવામાં કદાચ એમ લાગવા સંભવ છે કે ઉપસ્થિત પ્રશ્નના નિર્ણયમાં ખ્યાલથી અથવા પૂર્વબદ્ધ વિચારથી દોરાઇ જવાય છે. આપણો ઉદ્દેશ બાળજીવોને આકર્પણ કરી શંભુમેળો કરવાનો નથી પણ જવાબદાર આગેવાનોને એકત્ર કરી કોમની પરિસ્થિતિ પર પુખ્ત વિચાર કરવાનો છે. તો તેના સંબંધમાં એટલુંજ જણાવવું પડશે કે પુખ્ત વિચાર કરનારા આગેવાનો જે વિચાર કરે તેનો અમલ તો સર્વ બંધુઓ પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવવાનો છે તેથી આ મહાન્ સંસ્થા તરફ કેટલાક વખત સુધી સર્વ બંધુ-ઓને આકર્ષણ કરી ખેંચવા જરૂરના છે. એક વખત એ હિલચાલ લોકપ્રિય થઇ જાય, એના પ્રત્યેક ઠરાવના ગર્ભમાં કોમની ઉન્નતિનું સાધ્ય બરાબર લક્ષ્યમાં રહે છે એવો લોકવિચાર થઇ જાય ત્યાર પછી અમુક આગેવાનોને, વિચાર કરનારાઓને અને ઉત્સાહી કાર્યવાહકોને બોલાવી દીર્ઘ વિચાર કોમની ઉન્નતિ માટે કરવામાં આવે તો થયેલ નિર્ણયો સાર્વજનિક પ્રશંસા પામે, પણ જ્યાં સુધી એમ દૃઢ માન્યતા થાય નહિ ત્યાં સુધી ખર્ચનો સવાલ આગળ કરી એક મહા લાભ કરનારી સંસ્થાને એક સામાન્ય સભાના આકારમાં ફેરવી નાખવી એ એના વૃદ્ધિ પામ્યા વગરના બીજને તોડી ઉખેડી ફેંકી નાખવા જેવું થાય છે. અને વાસ્તવિક વિચારીએ તો શું ખર્ચ થાય છે? મોટી આવી સંખ્યામાં સ્વ-ધર્મી બંધુઓ એકઠા થઇ એક બીજાને ઓળખી વિચારની આપ લે કરે અને સમૂહબળ બંધાય તેથી જૈનેતર વર્ગમાં અને ખાસ કરીને અધિકારી વર્ગમાં જે છાપ બંધાય છે તેની ખાતરજ આટલો ખર્ચ તો વાસ્તવિક ગણાય તેમ છે; છતાં કમનશીબે એમ દલીલ લાવવામાં આવે છે કે ખર્ચ બહુ થાય છે અને તેના પ્રમાણમાં કોમને તેનો લાભ મળતો નથી. આ દલીલ—વાંધો તદ્દન અયોગ્ય છે. ઉપર જણાવ્યું તેમ સમૂહબળ એકત્ર થાય અને પરસ્પર પીછાન થાય તેટલો લાભજ ખર્ચના પ્રમાણમાં પૂરતો છે, પણ એ ઉપરાંત કોન્ફ-રન્સે કોમના વિચાર વાતાવરણમાં જે અદ્ભુત ફેરફાર કર્યો છે તેનું પરિણામ તો પચીશ વરસ પછી જણાય, છતાં અત્યારે પણ આપણે તેના લાભો બહુ બ-નાવી શકવા સમર્થ છીએ. આગળ તેના સ્થૂળ લાભો ગણાવવા પ્રયત્ન કર્યો છે, પરંતુ સર્વથી મોટો લાભ એ છે કે જૈન તરીકે વ્યક્તિ સ્વાતંત્ર્ય જાળવી કોમની પ્રગતિ સંબંધી વિચાર કરવાનું પ્રબળ લક્ષ્યબિંદુ તેણે પ્રાપ્ત કરી આપ્યું છે. કેટલીકવાર એમ બને છે કે અમુક વર્તમાન ચર્ચાને આગળ કરી તેનો અનિષ્ટ વિભાગ આ સંસ્થાથી ઉત્પન્ન થયો છે એવો આક્ષેપ કરી દેવામાં આવે છે; પરંતુ તેમાં બહુ ગફલતી થાય છે. જે હકીકતને કાર્ય કારણ સંબંધ જરા પણ ન હોય તેને એક બનાવી દઈ તેનાપર અભિપ્રાય આપવા લલચાઇ જવું એમાં ધૃષ્ટતાજ મુખ્ય કારણ છે. સ્વતંત્ર વિચાર કરવાના લક્ષ્યબિંદુ પ્રાપ્ત થવાની સાથે કોઇ વખત માની લીધેલા સ્થાપિત હકોને પસંદ ન આવે તેવા વિચાર તરફ ઘસડાઈ જવાનું બની આવે છે તો તેનો પ્રતિકાર થાય છે, પણ તેથી સ્થા-પિત હકોએ જરા પણ ડરી જવા જેવું નથી; એ સંબંધી આગળ ઉપર વિચાર થશે. અત્ર એટલું જણાવવું યુક્ત છે કે બીજા અનેક લાભ ઉપરાંત વિદ્વાન્ અને ધનવાન વર્ગમાં જે જૈન તરીકે દૃઢ ભાવના છેલ્લા દશ વર્ષથી જોવામાં આવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બહુ સંતોષકારક છે અને છેલ્લા બે ત્રણ સૈકાનો ઇતિહાસ જોતાં તે ચોક્કસ પ્રગતિ બતાવનાર છે. અને ખર્ચના સંબંધમાં આટલી હકીકત બતાવતાં છતાં પણ દીર્ઘદર્શી મનુષ્યોના મનમાં એમ આવે કે કોન્ફરન્સને જે લોકચર્ચાનું સાધન બનાવવા માટે પ્રસિદ્ધિ મળવી જોઇએ તે મળી ચૂકી છે તો પછી ખર્ચ ઓછો કરવામાં અગવડ નથી. ડેલીગેટોની સંખ્યા અમુક હદવાળી ઠરાવવાથી, ચર્ચામાં ભાગ લેનારના વય, જ્ઞાન અને પરિપકવતાનો નિર્ણય કરવાથી અને બીજી અનેક યુક્તિઓ કામે લગાડવાથી જવાબદાર આગેવાનોનેજ એકત્ર કરી કોમની પરિસ્થિતિ પર દીર્ઘ વિચાર કરી નિર્ણયો કરવાનું તો બની શકે તેમજ છે. તોપછી અમુક પક્ષ કે મતથી ખેંચાઇ ન જતાં જેઓ ધન અને જ્ઞાનનો વ્યય કરી શકે તેવા હોય તેને બોલાવી અધિવેશન કરવું, પણ ખર્ચ જેવી સ્થૂળ બાબત ઉપર વાંધો કાઢી ખ્યાલમાં દોરાઇ જઇ મહા લાભ કરનાર અને ભવિષ્યમાં અતિશય જાગૃતિ લાવનાર વર્તમાન સંસ્થાને નિદ્રાવશ કરી સાત વર્ષના ખર્ચ અને શક્તિના વ્યયને નકામાં કરી નાખવા એ સુજ્ઞ મનુષ્યોનું કર્તવ્ય નથી, એમ સામાન્ય વિચારશીળ બંધુને પણ લાગ્યા વગર રહેશે નહિ.

કોન્ફરન્સના સંબંધમાં એક બીજો વાંધો એવો લેવામાં આવે છે કે તેથી કોમના સામાન્ય મનુષ્યોને કેટલીકવાર અગ્રિમપદ મળે છે. આ વાંધામાં કાંઈ પણ રહસ્ય હોય એમ લાગતું નથી. કોન્ફરન્સ જેવી નવીન કાળની સંસ્થા અગાઉ જણાવ્યું તેમ શાંત સુરાજ્યવ્યવસ્થા પછી મળેલી પાશ્ચાત્ય કેળવણીના એક ફળરૂપ છે તેથી સ્વાભાવિક રીતે તેની આંતર વ્યવસ્થાની ઘટનામાં નવિન સંસ્કારવાળાઓને વિશેષ આગળ પડતું સ્થાન મળે તો તેતદ્દન યોગ્ય છે, કારણ કે ધોરણસર કાર્ય ચલાવવામાં જે માનસિક બળની જરૂરિયાત રહે છે તે ઉદ્દાત્ત સંસ્કારવાન્ આધુનિક કેળવણી લીધેલ યુવાનવર્ગમાં વિશેષ પ્રકારે હોવાનો સંભવ રહે છે અને તેમને જો સામાન્ય વ્યક્તિ કહી આગેવાન પદ માટે નાલાયક ઠરાવવામાં કે ધારવામાં આવે તો કોમની ઉન્નતિ માટે અનેક શંકાઓ ઉપસ્થિત થાય છે. સામાન્ય રીતે હવે તો એમ લાગે છે કે વહાણનું સુકાન તો અતિ સુજ્ઞ મનુષ્યના હાથમાં રહેવું જોઇએ અને તેની યોગ્યતાને અંગે તેના ધનને કે શરીર સ્થિતિની બાબતના કરતાં તેની તે કાર્યમાટે વિચક્ષણતા અને સુજ્ઞતા કેટલી છે તેજ બાબત પ્રથમ મહત્વની ગણવી જોઇએ. વહાણનો સુકાની અને મુખ્ય નાવિક ( કેપ્ટન ) જો સમુદ્રના દરેકે દરેક વિષમ માર્ગો અને જળ પ્રવાહના નિયમોથી જરા પણ અનભિજ્ઞ હોય તો ગમે તે વખતે ખડક સાથે વહાણ અથડાઈ પડવાનો સંભવ રહે છે તેથી પૂર્વકાળના વિચાર સાથે મળી જઇ વહા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોળમી સત્તરમી સદીના વિચારો હવે કરવા યોગ્ય નથી. આપણે હાલ વિક્રમની વીશમી સદીમાં છીએ, આખી દુનિયા સાથે સખ્ત હરીફાઇ કરી આપણો વ્યવહાર ચલાવવાનો છે, ધર્મચર્ચા કરી જિનેશ્વરપ્રણિત સિદ્ધાન્તનું રહસ્ય લોકમાન્ય કરવાના પ્રબળ પુરૂષાર્થમાં આપણે જોડાવાનું છે અને તેથી આપણા આગેવાનપદ પર બહુ બુદ્ધિશાળી, દીર્ઘદર્શી અને છેલ્લામાં છેલ્લી શોધખોળ જાણનાર તથા પ્રાચીન અને વર્તમાન ઇતિહાસના અભ્યાસી સર્વદેશીય લોકમાન્ય વ્યક્તિઓને મૂકવાની જરૂર છે. પૂર્વ કાળના વિચારને આગળ કરી માત્ર ધનનેજ બુદ્ધિ, વિચાર કે જવાબદારીનું કેન્દ્ર બનાવવામાં આવે તો બહુધા નાશના રસ્તાપર આપણે જરૂર ઉતરી પડીએ એ નિઃસંદેહ છે અને તેથી અગ્રિમ પદ સામાન્ય મનુષ્યોને મળે, તો તેમાં જરા પણ ખેદ પામવાનું કારણ નથી. વસ્તુતઃ ધનના સંબંધમાં મધ્યમ સ્થિતિ હોય તેવા મનુષ્યને સામાન્ય મનુષ્ય કહેવા એમાં બોલનારનીજ ધૃષ્ટતા ગણાય છે; પરંતુ એ અર્થમાં તે શબ્દ વપરાતો હોય એમ પ્રાચીન વિચાર કરનારાઓના મુખથી વારંવાર સાંભળ્યું છે તેથી સામાન્ય શબ્દથી તે અર્થ પ્રાપ્ત થાય છે એમ ગણી લીધું છે. બાકી ધનવાન હોવા સાથે બુદ્ધિ, વિચાર અને દીર્ઘદર્શીપણાની બાબતમાં વિશાળ હૃદય દર્શાવનાર વ્યક્તિ લભ્ય થાય તો બહુ સારૂં થાય અને તેવી વ્યક્તિને જરૂર અગ્રસ્થાન આપવું યુક્ત છે. પણ તે તેના ધનની મહત્વતાને લઇને નહિ પણ તેની વિચારવિશાળતા અને સંસ્કારીપણાને લઇને તેમ કરવામાં આવે છે એવી સ્પષ્ટ વ્યક્તતા સાથેજ એમ કરવું યોગ્ય છે.

અને હવે આ દૃષ્ટિબિંદુ લક્ષ્યમાં રાખી વિચાર કરવામાં આવશે ત્યારે જણાશે કે કોન્ફરન્સ ઉપર સામાન્ય વ્યક્તિઓને અગ્રપદ આપવાનો જે દાવો કરવામાં આવે છે તે અસ્થાને છે અને તેની સાથે એટલું પણ કહેવું જોઇએ કે જો અત્યાર સુધીમાં ભૂલ થઇ હોય તો તેથી ઉલટી જ છે. મતલબ જેને હાલ લોકમતમાં સામાન્ય ગણવામાં આવે છે તેવા વિશાળ વિચારના દીર્ઘદર્શી બંધુઓ જેઓ અગ્રપદ લેવાને યોગ્ય છે તેઓને પછાત પાડી નાખી તેને બદલે પ્રાચીન મત પ્રમાણે ધનને મહત્વનું સ્થાન આપી અગ્રપદ બહુધા લક્ષ્મીદેવીના પુત્રોને આપવામાં આવ્યું છે. આ કદાચ દીર્ઘદર્શી આગેવાનોના મધ્યસ્થ વિચારને પરિણામે ધનવાન અને વિચક્ષણ વર્ગ વચ્ચેની આંતરતા ઓછી કરવાના ઉહાપોહથી થયું હશે, પણ તેથી કોન્ફરન્સ અત્યારે બહુ કઠણ સમયમાંથી પસાર થાય છે. દરેક કોન્ફરન્સના અધિવેશન વખતે ખુદ નાયકના સંબંધમાં કેટલું ભારુતી કામ ચાલે છે તે એકાદ અપવાદ સિવાય દરેક બંધુઓએ અવલોકન કરીને જોયું હશે અને એવી રીતે અગ્ર પદનું ગૌરવ જળવાય નહિં ત્યાં તે ના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન્ય કરનારને પણ કોન્ફરન્સથી ડરવા જેવું નથી; હવે જો કે એ નિયમ સ્વીકારવાથી કોન્ફરન્સના આંતર શરીરને મૂળમાંથી કાંઈક સડો લાગ્યો છે એમ જણાય છે, પણ આ પ્રમાણે ધનવાનનું આગેવાનપદ સ્વીકારવામાં કોન્ફરન્સના ચાલકોએ પ્રથમથી કોમનું ઐક્ય જાળવવાનો વિશિષ્ટ હેતુ લક્ષ્યમાં રાખ્યો હોય એમ લાગે છે. છતાં એ નિયમ સ્વીકારવાને અંગે અત્યારે એવી અગવડ ભરેલી સ્થિતિ પ્રાપ્ત થઇ છે કે તે પદનો સ્વીકાર કરાવવામાં બહુ પ્રયાસ કરતાં છતાં અનેક મુશ્કેલીઓ ઉભી થાય છે. આ સર્વ હકીકત ઉપરથી જણાશે કે સ્થાપિત હક જેવું કાંઇ છેજ નહીં અને જેઓ ધર્મ અથવા કોમનું હિત અંતઃકરણમાં રાખી કામ કરતા હોય તેઓને તો વાસ્તવિક રીતે પોતાના કાર્યની કિંમત અન્ય પાસે કરાવવાની કે તેનાં ઢોલ નગારાં વગડાવવાની ઇચ્છા પણ થતી નથી અને તેવી વિશુદ્ધ વ્યક્તિઓ ધનવાન હોય કે મધ્યમ સ્થિતિમાં હોય, નવીન કેળવણીથી વ્યુત્પન્ન હોય કે ન હોય પણ તેની યોગ્યતાના પ્રમાણમાં તેને જરૂર માન મળેજ છે. અમારા નમ્ર મતપ્રમાણે તો દરેક વ્યક્તિને તેની યોગ્યતાના પ્રમાણમાં માન આપવાનો નિયમ કોન્ફરન્સે સ્પષ્ટ રીતે શીખવ્યો છે અને તેમાં કદાચ કોઈ વખત ખોટો રૂપીઓ સાચા તરીકે પસાર થઇ જતો જોવામાં આવે તો તે અપવાદ રૂપ હકીકત સમજવી. બાકી સાચાની કિંમત જરૂર થાય છે અને છેવટે સર્વ પોતાની યોગ્યતાના પ્રમાણમાં સત્ય સ્વરૂપમાંજ રજુ થાય છે.

આથી સામાન્ય માણસોને કોન્ફરન્સમાં અગ્રપદ મળી જાય છે અને ધનવાનોના સ્થાપિત હકને નુકશાન પહોંચે છે એવો કોન્ફરન્સ સામે જે વાંધો કોઈ કોઇના તરફથી લેવામાં આવે છે તેનું આંતર તત્ત્વ વિચારશું તો તે વાંધો તદ્દન બેહુદો લાગશે. સામાન્ય શબ્દથી ધન સંબંધી સ્થિતિમાં મધ્યમ પ્રકારના એજ અર્થ અહીં સમજવાનો છે. કોન્ફરન્સના આગેવાનપદના સંબંધમાં ઉન્નતિનાં વિશિષ્ટ હેતુનું લક્ષ્યાર્થ ધ્યાનમાં રાખવાનું છે અને એવા હેતુવાળા તેના અગ્રપદને યોગ્ય છે, કોમરૂપ નાવના સુકાની થવાને લાયક છે અને આખી કોમની પ્રગતિ બુદ્ધિપૂર્વક કાર્ય કરનાર એવા વિશિષ્ટ ઉદ્દાત્ત પુરૂષોના હાથમાં હોય તોજ લાભકારક રીતે આગળ વધે છે. આથી અગ્રપદપરના દાવામાં ધનને ખાસ મહત્ત્વતા આપવા કરતાં કોમના હિતને મહત્વતા મળવી જોઇએ અને હિત કરવાની તત્પરતા સાથે ધન હોય તો બેવડું લાભકારક છે. તેથી ધનવાનોના સ્થાપિત હકને નુકશાન પહોંચે છે એમ માની લઈ કોન્ફરન્સ જેવી મહાલાભ કરનારી સંસ્થાને સુવાડી દેવાનો વિચાર કરવાને બદલે ધનવાનો કોમના હિત માટે ધ્યાન આપી અગ્રપદને યોગ્ય થાય એ વિચાર કરવો યોગ્ય છે; અને આપણી કોમ એવા વિશિષ્ટ હિત ધરાવનારાને જરૂર અગ્રપદ આપે છે એ આપણે વારંવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોયું છે, તેમજ નવિન સંસ્કાર સાથે પણ એ વિચાર પૂરતી રીતે બંધ બેસતા આવે છે. બાકી એક મહાન વ્યક્તિ જેમણે બહુ સારી રીતે અભ્યાસ કરી નવિન સંસ્કાર પ્રાપ્ત કર્યો હોય, જેમણે ઇતિહાસના જ્ઞાન સાથે સમુચ્ચય હિતનો સવાલ વ્યકિત અને સમષ્ટિના પ્રથક્કરણ પૂર્વક કર્યો હોય, જે કોમના નાના મોટા ઉપસ્થિત થયેલાં અને થતાં પ્રશ્નો ઉપર દીર્ઘ વિચાર કરી અભિપ્રાય અને નિર્ણય આપતા હોય, જે કોમના હિત માટે પોતાના અનેક ખાનગી સ્વાર્થનો ભોગ-ગુપ્ત રીતે આપતા હોય, જેઓ કોમના સામાન્ય કે અસાધારણ પ્રસંગે પોતાથી બનતી દરેક પ્રકારની મદદ આપવા ઉદ્યુક્ત હોય તેવી વિશિષ્ટ વ્યકિત જેનાં નામ પણ ગણાવી શકાય તેની પાસે માત્ર ધન નથી અથવા ઓછું છે એજ દલીલથી તેના અગ્રપદપર આક્ષેપ થતો હોય તો તેમાં સ્થાપિત હકના ગેરવ્યાજબી ખ્યાલ સિવાય કાંઇ પણ કારણ નથી. એમ જણાય છે.

કોન્ફરન્સમાં કેટલાક શુદ્ધ વર્તન વિનાના માણસો આગળ પડે છે એમ કહેવાય છે એ હકીકત પણ ઠીક નથી. વાસ્તવિક રીતે કોન્ફરન્સમાં ભાષણદ્વારા આગળ પડવા પ્રયત્ન કરનાર વ્યક્તિઓ ભાષણ કરનાર તરીકે પણ યોગ્ય છે કે નહિ તેનો વિચાર કરવાનું કારણ પ્રાપ્ત થાય છે અને જ્યારે તેઓના ખાનગી વ્યવહારમાં વિશુદ્ધતા દેખાતી નથી ત્યારે તેઓના ભાષણની અસર ઓછી થવાનો સંભવ રહે છે. આ વાંધાનો નિર્ણય તો બહુ જલદી થાય તેવો છે. કોન્ફરન્સના કાર્યવાહકોએ વક્તાઓના નિયમો ઠરાવી તેમાં એવી યોજના કરવી કે એ સંબંધી કારણ બતાવ્યા વગર કમિટી નિર્ણય કરે તેજ માણસો બોલી શકે, બાકી શુદ્ધ વર્તન વગરના માણસોને પ્રસિદ્ધિ મળી જાય છે એમ ધારવામાં આવતું હોય તો તેમાં ભૂલ થાય છે. આવી વ્યક્તિઓ તો ઉલટી તેના ખરા સ્વરૂપમાં રજુ થાય છે. આવા માણસો આગળ આવે છે અને તેથી કોન્ફરન્સની મહત્વતા ઓછી થાય છે એમ ધારી લેવું એમાં બહુ વિચારવા જેવું છે અને બરાબર ધ્યાન આપવામાં આવે તો સ્થાપિત હકોનો દાવો કરનાર વર્ગમાંથી તથા સામાન્ય વ્યકિતઓમાંથી જેઓ વિશુદ્ધ વર્તનવાળા ન હોય તેઓને કોન્ફરન્સમાં આગેવાન પદમાંથી દૂર રાખી શકાય તેમ છે. એક નિયમ તરીકે પણ વિશુદ્ધ વર્તન વગરના માણસોને કોન્ફરન્સના પ્રમુખ, સેક્રેટરી કે વકતા તરીકે સ્થાન નજ મળવું જોઇએ, કારણકે એવા સ્થાનપર રહી બહાર પડનારના વર્તનની અસર સીધી અથવા આડકતરી રીતે કોમના ઉછરતા વર્ગ ઉપર જરૂર થાય છે અને યોગ્ય બંધારણ કરવાથી આ સ્થિતિ જરૂર અટકાવી શકાય છે. બંધારણના નિયમોની ખામીને લઇને કોઇ પરિસ્થિતિ એવી પ્રાપ્ત થઇ જાય કે જે પસંદ કરવા લાયક ન હોય તો તેથી આખી સંસ્થાને ઉડાવી દેવાને બદલે તેના બંધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રણમાં ફેરફાર કરાવી તેવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે પ્રયાસ અને પ્રયોગ કરવા જોઇએ. ઉગતી સંસ્થામાં એવું બંધારણ કદાચ અપ્રાપ્ય હોય તો તેથી નાસીપાસ થવું ઉચિત નથી, પણ તે સાધ્યદૃષ્ટિ સમીપ રાખી તેમાં ઘટતો ફેરફાર કરવો પ્રસંગાનુરૂપ થઈ પડશે. આટલા ઉપરથી કોન્ફરન્સ સામા જે જે વાંધાઓ મુખ્યત્વે કરીને લેવામાં આવે છે તેમાં કાંઇ મહત્વતા નથી અથવા તેના પ્રતિકાર થઇ શકે તેમ છે તે જોવામાં આવ્યું હશે. હવે કોન્ફરન્સના બંધારણમાં કયા કયા ફેરફાર કરવાની જરૂર છે અને હાલ કોન્ફરન્સને જે વ્યાધિ લાગ્યો છે તેને દૂર કરવા કેવા પ્રકારનું ઔષધ કરવાની જરૂર છે તે સવાલપર વિચાર કરવામાં આવશે. **મૌક્તિક.**

---

# श्री जैन सुकृत फंड उभुं करवानी जरुर

## अने ते संबंधी नवी योजना.

**( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી. મુ. સાણંદ. )**

આપણા ઉદાર જૈન બંધુઓ જો કે પોતપોતાની સમજ અને ઇચ્છા પ્રમાણે કંઇ ને કંઇ સુકૃત કાર્યો કરે છે જ પરંતુ વર્તમાન સમયમાં જે જે સુકૃત કાર્યો સારા સંગીન પાયા ઉપર શરૂ કરવાની અથવા શરૂ થયેલાં તેવાંજ સુકૃત કાર્યોમાં જરૂર પડતો સુધારો વધારો કરીને તેમને બની શકે ત્યાંસુધી કાયમને માટે નિભાવી રાખવાની ખાસ જરૂર જણાતી હોય તેમને સવેળા જોઇતી સહાય આપવા બની શકે તેટલાં નાણાંની સગવડ કરી આપવા માટે તટસ્થપણે વિચાર કરી જોતાં સમયને ઓળખનારા સહુ કોઇ જૈની ભાઇઓએ આવા ઉત્તમ ફંડની બની શકે તેટલાં ઉત્તમ સ્થળોમાં યોજના કરવી જ જોઇએ એમ સહજ સમજાશે તો સુયોજક સત્પુરૂષોના સમયોચિત્ત સફળ પ્રયાસથી આવું ઉત્તમ ફંડ બહુજ સારા પાયા ઉપર મ્હોટા પ્રમાણમાં પેદા કરી શકાશે, અને તે ફંડની સુવ્યવસ્થા કરવાનું કામ ધર્મની ખરી લાગણી ધરાવનારા સદ્‌ગૃહસ્થોની બનાવવામાં આવેલી કમીટીના હાથમાં વિશ્વાસપૂર્વક સોંપવામાં આવતાં આપણ સહુને અભીષ્ટ એવાં અનેક સમયોચિત સુકૃત કાર્યોની સારા સંગીન પાયા ઉપર શરૂઆત અને આશ્ચર્યકારક રીતે તેમનું યોગ્ય પોષણ કરાતું જોવામાં આવશે. જો કે દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ જોઇને, લાભ હાનિનો પૂરતો વિચાર કરીને કોઇપણ કાર્યમાં પ્રવૃત્તિ કરવા પ્રભુની આજ્ઞા છે છતાં, તથાપ્રકારના જ્ઞાન વિવેકની ખામીથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજકાલ પ્રાયઃ બીન જરૂરની અથવા ઓછી જરૂરની બાબતોમાં દ્રવ્યનો તથા વખતનો વધારે વ્યય કરી દેવામાં આવે છે તે જો ખાસ જરૂરની બાબતોમાં જ મુખ્યપણે કરવામાં આવે તો અલ્પ સમયમાં શાસનની ઉન્નતિ સારી રીતે જોવામાં આવે. આવા હેતુથી બહુધા બાહ્ય આડંબરવાળા અને વિશેષ પરમાર્થ વગરનાં કાર્યો કરતાં અત્યારે જે જે કાર્યો કરવાની ખાસ જરૂર જણાય તે તે વિશેષ પરમાર્થવાળાં કાર્યો કરવાની તેમજ તેવાં શુભ કાર્યો થયેલાં જોવાની જેમની તીવ્ર અભિલાષા હોય તેવા આત્માર્થી જનોની આ સુકૃત ફંડ એકઠું કરવા અને તેની સુવ્યવસ્થા કરવા સહાનુભૂતિ માગવાની પ્રથમ જરૂર છે; તેના નિયમો આ પ્રમાણે હોવા જોઇએ એમ મારૂં માનવું છે.

(૧) આ સુકૃત ફંડ ઉભું કરીને તેવડે સમયોચિત શુભ કાર્યો કાયમ બન્યા કરે, તેનો લાભ લેવા માટે યથાશક્તિ સહુ કોઈ હિતસ્વીઓએ તન, મન, ધનથી સહાય આપવી અને પોતાના સ્વજનાદિક પાસેથી પણ અપાવવી.

(૨) ઉદાર દિલના ધનિકોએ આ ફંડમાં જેમ બને તેમ અધિક ફાળો આપવો.

(૩) કોઇ સ્વજનાદિકના શુભાર્થે અવસાન વખતે કહેલા અથવા ધારેલા પૈસા આ સુકૃત ફંડમાં જ આપવા.

(૪) જે ગૃહસ્થને ધીરધારથી બીજા પાસે થોડું કે ઘણું લેણું થયેલું હોય છતાં તે ગમે તેવા કારણથી પતી શકતું ન હોય તેવું અથવા પતી શકે એમ હોય તો પણ પોતાની જ ઇચ્છાથી તે લેણું આ સુકૃત ફંડમાં જ વસુલ કરી લેવા તે ગૃહસ્થ રાજીખુશીથી સોંપે તો તે ફંડના વ્યવસ્થાપકોએ યોગ્ય લાગે તો સંભાળી લઇ તે દ્રવ્ય કાળજીથી ઉઘરાવી તેની સુવ્યવસ્થા કરવી.

(૫) આ ફંડના નિર્વાહ માટે કોઇ સખી ગૃહસ્થ જંગમ કે સ્થાવર મીલકત આપે તો તે ઉપકારસહ સ્વીકારી લઇ આપનારને જેમ સુકૃતનો અધિક સંચય થાય તેમ તેવાં સમયોચિત સુકૃત કાર્યોમાં પ્રમાદરહિત ઉપયોગ કરવો.

આ શિવાય પ્રસંગને અનુસરીને બીજા પણ લાભકારી નિયમો કરવાની જરૂર જણાય તે કરવા. તેમાં અડચણ જેવું નથી.

આવું સુકૃત ફંડ તે આપણા વર્ગમાં **સાધારણ ખાતું** કહેવામાં આવે છે તેનુંજ **રૂપાંતર** છે. પરંતુ સાધારણ ખાતાનો અર્થ અને ઉપયોગ હાલમાં **સંકુચિત** કરી નાખવામાં આવ્યો છે તેથી તેમજ તે દ્રવ્યને ગ્રહણ કરવામાં આપણા જૈન બંધુઓ સંકોચ પામે છે, તેથી **નામાંતર** કરવાની જરૂર જણાઇ છે. સાધારણ દ્રવ્ય જેમ સાતે ક્ષેત્રમાં વાપરી શકાય છે તેમ આ દ્રવ્યનો પણ સાતે ક્ષેત્રમાં અને તદુપરાંત જીવદયાના કામમાં પણ ઉપયોગ કરવામાં આવે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવી ગોઠવણ રાખવી. પરંતુ **મુખ્ય હેતુ** આ ફંડનો એ રાખવો કે આપણા જૈન બંધુઓ જ્યાં દુઃખી થતા હોય ત્યાં કોઇ પણ પ્રકારે તેઓ દુઃખી ન થાય અને આજીવિકા સુખે ચલાવી શકે તેવા કાર્યમાં તેમને જોડવા. આ દ્રવ્યમાંથી યોગ્ય રકમ આપીને તેમને ઉદ્યોગે ચડાવવા અથવા નાના મોટા અલ્પારંભવાળા હુન્નરો શરૂ કરવા કે જેમાં દાખલ થઇને અથવા તેવા હુન્નર શીખીને તેઓ આજીવિકા સુખે ચલાવી શકે અથવા કોઇ એવી ઉદ્યોગશાળા ખોલવી કે જેમાં સીદાતા શ્રાવક ભાઇઓ નોકર તરીકે દાખલ થઇ પ્રમાણિકપણે નોકરી કરી આજીવિકા ચલાવી શકે. વળી આ દ્રવ્યમાંથી બની શકે તેટલા પ્રમાણમાં જે નિરાધાર સ્થિતિવાળા જૈનોને વિદ્યાભ્યાસમાં આગળ વધવા ઇચ્છા હોય તેમને તેમના અભ્યાસ દરમીઆનમાં સહાય આપવાનું પણ બની શકશે.

આવી ગોઠવણ કરવાની એટલી બધી આવશ્યકતા છે કે તેનો ખ્યાલ મોટા ઉદ્યોગી શહેરોમાં ધનાઢ્ય જૈન ભાઇઓને ભાગ્યેજ આવી શકે એમ છે. સંખ્યાબંધ ગામડાઓમાં બેરોજગારી બની ગયેલા જૈન બંધુઓ એટલી બધી દુઃખી સ્થિતિ ભોગવે છે કે જે જોઇને સહૃદય જનોના નેત્રમાં આંસુ આવે છે. કેટલાક એક ટંક જમે છે, અને કેટલાકને એકાંતરા કરવા પડે છે. આનું કારણ માત્ર સુખી જૈન બંધુઓનો તેમના તરફ ઉપેક્ષા ભાવ છે, તેજ છે. પરંતુ સુખી ગૃહસ્થોએ હવે તેમના તરફ મીઠી અમીની નજર કરવાની બહુ જરૂર છે; નહિં તો દિનપર દિન આપણી સ્થિતિ બહુ કફોડી થઈ જવાની, આપણી સંખ્યા બહુ ઘટી જવાની અને આપણે લોકોની દૃષ્ટિમાં બહુ પાછળ બુદ્ધિવાળા કહેવાવાના, આટલું ચોકસ સમજશો.

ધર્મના સ્થંભ તો મુનિમહારાજો છે પરંતુ તેમને પણ પોતાનો ધર્મ પાળવામાં શ્રાવક શ્રાવીકાઓના આલંબનની પૂરતી જરૂર છે, જો શ્રાવકભાઇઓ ગરીબ સ્થિતિમાં હોઇને પોતાનું પણ પૂરૂં કરી શકતા નહિં હોય તો પછી મુનિમહારાજને અવલંબન કોણ આપશે? ધર્મની સ્થિતિ પણ કેમ જળવાશે? અનેક જિન મંદિરનું રક્ષણ કોણ કરશે? સંખ્યાબંધ જીન બિંબોની પૂજા, ભકિત કોણ કરશે? નવાં જીન મંદિરો કે ઉપાશ્રયો વિગેરે બંધાવવાનાં તો દૂર રહ્યાં, પણ હશે તેની સંભાળ કોણ કરશે? બધી વાત પેટ ભરાતું હશે તોજ સુઝશે, તે વિના બધું કડવું લાગશે. જો કે આપણે મોટા ધુરંધર રાજા મહારાજાઓની જેમ તમામ જૈન બધુંઓને શ્રીમંત તો બનાવી શકીએ તેમ નથી પરંતુ તેમને સુખે આજીવીકા ચલાવતા તો કરી શકીએ તેમ છે. તે આપણી ફરજ પણ છે. અને જો તે ફરજ છતી શકિતવાળા બજાવે નહિં તો તેઓ પોતાની ફરજ માત્ર ચુકે છે એમ નહિં પણ વિશેષમાં વીર્યાંતરાય કર્મનો બંધ કરે છે, કે જેથી આવતા ભવે તેમને તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યાદિકસંપત્તિ પ્રાપ્ત થવાનો પણ સંભવ નથી. આ બાબત બહુજ વિચારવા જેવી છે, મનન કરવા જેવી છે, અને બીજાઓને ગળે ઉતારવા જેવી છે. આમાં મોટો પ્રવાહ ફેરવવા જેવું છે. જૈન બંધુઓની બહુ સારી સ્થિતિ હતી તે વખતને અંગે જે પ્રવાહ અન્ય શુભ કાર્યો તરફ વહેવરાવવામાં આવ્યો હતો તે હવે સ્થિતિ નબળી થઇ જવાથી પાછો તેમના તરફજ વહેવરાવવાની જરૂર છે.

આ વિષય અનેક **લેખોથી, ભાષણોથી, ચર્ચાઓથી** અને **ઉપદેશોથી** ચર્ચવા યોગ્ય છે. દરેક **લાગણીવાળા મુનિ મહારાજાએ** અને **ગૃહસ્થે** આ વિષય લક્ષ આપવા લાયક છે. આશા છે કે જૈન ભાઇઓનું **ખરૂં હિત હૈડે ધરનારાઓ** તરફથી આ સંબંધમાં પૂરતો પ્રયત્ન શરૂ રાખવામાં આવશે અને તોજ ધારેલા કાર્યની સિદ્ધિ વહેલી થઇ શકશે.

તથાસ્તુ

# श्री जैन सुकृत फंडने अंगे पुष्टहेतुगर्भित

## अगत्यनी सूचना.

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

૧ આ જૈન સુકૃત ફંડની નવી યોજના કરવાનો હેતુ શ્રી કોન્ફરન્સના અંગે ચાલતા સુકૃત ફંડને કોઇ રીતે પ્રતિબંધ કરવાનો નથી. પરંતુ તેનાજ મુખ્ય ઉદ્દેશને પલ્લવિત કરી તેને પોષણ કરવાનો તેમજ યથા કથંચિત્ તેને સિદ્ધ કરવાનોજ છે.

૨ કોન્ફરન્સના અંગે ચાલતા ફંડને શિથિલ થઈ જતું જોઇને તેનો મૂળ ઉદ્દેશ જોઇએ એટલા પ્રમાણમાં સિદ્ધ થવાનો ઘણોજ ઓછો સંભવ જણાયાથી તેના મૂળ-મુખ્ય ઉદ્દેશને પહોંચી વળવા આ નવી યોજના કોઈ પણ વિચારશીલ બુદ્ધિવંત સજ્જનને આવશ્યક જણાશે.

૩ જે લોકદૃષ્ટિ અનેક ઉપયોગી અને જમાનાને બંધબેસતા કાર્યોમાં સંકુચિત રહ્યા કરે છે, તે લોકદૃષ્ટિ આ યોજનાનો જેમ જેમ અધિક પ્રમાણમાં અમલ થતો જશે તેમ તેમ તથાપ્રકારના સાધનના સદ્ભાવે અધિકાધિક વિકસિત થતી જશે. અને તેથી ઘણાં મહત્વનાં કાર્યો સહેજે થઇ શકશે.

૪ આજ કાલ ધર્મના જે જે આરંભેલા કાર્યો કેવળ લૂલાં જેવાં દેખાય છે તે તે કાર્યો સારાં નિમિત્ત-સાધન પામીને પાછાં પગભર થશે એટલુંજ નહિ પણ સારા નિયામકોની સતત્ સહાયથી તે સંગીન પાયા ઉપર ચાલી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ આપણામાં લોકોની જે દુઃસ્થિતિ દ્રવ્ય ભાવથી થવા પામેલી જોવામાં આવે છે તે તથાપ્રકારના સાધન-બળથી જલદી દૂર કરી શકાશે અને ફરી તેવી દુઃસ્થિતિ થવા ન પામે તેવી સબળ મજબૂતી પણ રચી શકાશે.

૬ કોઇ પણ પ્રકારનો અનિષ્ટ વિરોધ ખડો કર્યા વગર સમાજનું એકાન્ત હિત વિચારી જેમ પ્રસ્તુત યોજનાની શીઘ્ર સફળતા થવા પામે તેમ કરવા સુબુદ્ધિ જનોએ ખાસ કાળજી રાખવી અને અન્ય અણજાણ લોકોને તેવીજ સુબુદ્ધિ આપવી એ અત્ર કહેવું ખાસ જરૂરનું છે.

૭. આજકાલ કોન્ફરન્સના અંગે ચાલતા સુકૃત ફંડમાં ભાગ્યેજ આખા વર્ષ દરમીયાન ૨-૪ હજારની આવક થતી હશે ત્યારે આ ફંડની નવી યોજનાથી શ્રી શાસન દેવતા સહુના દીલમાં વસશે તો એક વર્ષમાં નવાઇ જેટલી રકમ જૂદે જૂદે સ્થળે એકઠી થઈ શકશે અને તેથી ઘણાં જરૂરી કાર્યો કરી શકાશે.

૮. આ ફંડના સંબંધમાં બહુ વકતવ્ય છે, પરંતુ જેમ જેમ તેની ઉપયોગિતા સિદ્ધ થતી જશે તેમ તેમ તે પ્રકાશમાં આવી શકશે.

૯. કોઇએ ' ઉગતા ઉચ્છેદવા ' જેવો નબળો પ્રયત્ન કરવા પોતાની બુદ્ધિનો દુરૂપયોગ કરવો ઇષ્ટ નથીજ, છતાં કોઈ અંગત લાગણીને લઇ તેવોજ અનિષ્ટ વિચાર થાય તો તેને સમાજના હિતમાં હોમી દઇ ક્ષણભર મૌન રાખી, જો સમાજનું યથા કથંચિત્ ભલું થવું નિર્મિત હોય, તો તે નિરાબાધપણે થવા દેવું, પણ તેમાં આડખિલ નાંખી અંતરાય કર્મ ઉપાર્જવા જેવો ઉંધો વ્યાપાર કરવો નહિ.

૧૦. અવસરે જોઇતી સહાય માટે ઘણી વખત વલખાં મારવાં પડે છે, અને તેથી જે કાર્ય સહજમાં થઇ શકે એવાં હોય તે અવસર વીત્યા પછી કરવા જતાં બહુ મુશ્કેલીઓ નડે છે, તે આવા સબળ ફંડની સહાયતાથી ઘણે ભાગે દૂર થઈ જશે, એવું અનુમાન સુબુદ્ધિ જનોને થયા વગર રહેશે નહિ.

૧૧. જો કે અત્યારે તો ઉકત ફંડની નવી યોજનાનો અમલ અમુક અમુક શુભ સ્થળોમાં થઇ શકશે; પરંતુ વખત વહેતાં કોઇ સમર્થ આત્મત્યાગી જનોની નિગેબાની વડે તેને સંયુક્ત કરવામાં વધારે હિત સહુના સમજવામાં આવશે તો તેમ કરવામાં પણ મુશ્કેલી નડશે નહિ. પ્રથમ તો આપણા ભાઇઓની આર્થિક સ્થિતિ સુધરે અને તેઓ તથા તેમનાં બાળબચ્ચાં વિગેરે કેળવણીનો આસ્વાદ લઇ કંઈ અધિક આત્મત્યાગી બને ત્યાં સુધી તેની રાહ જોવાની જરૂર જણાય છે. ખરા જીગરથી કરાતા પુરૂષાર્થને કશું અસાધ્ય નથી, ફક્ત કાયર માણસોજ પ્રથમથી ધ્રુજી ઊઠે છે.

૧૨. ધીરજ અને ખંતથી કોઈ પણ શુભ કાર્યની પાછળ મંડતાં ઘણા અજાયબ જેવાં કાર્ય કરી શકાય છે, તે હવે લોકોથી અજાણ્યું નથી. તોપછી આપણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાજિક સ્થિતિ સુધારવા અવશ્યનું આ ઉત્તમ ફંડ જે જે સ્થળે જેટલા જેટલા પ્રમાણમાં બની શકે ત્યાં ત્યાં તેટલા તેટલા પ્રમાણમાં ઊભું કરી તેનો સમાજના ભલા માટે સદ્ ઉપયોગ કરી કરાવી જાતિ અનુભવ મેળવવા બનતું કરવું એ દરેક સહૃદય સાધુ કે શ્રાવકનું અત્યારે ખાસ કર્તવ્ય સમજાય છે. અનેક રીતે અનેક દિશાથી આ વિષયને પુષ્ટિ મળવાની અત્યારે અધિક જરૂર છે.

ઇતિશમ્.

# चंद राजाना रासउपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ટ ૧૧૧ થી. )

## પ્રકરણ ૭ માનો સાર.

ગત અંક બીજામાં ને ચોથામાં ચંદરાજા ને સિંહલ રાજાના મેળાપથી માંડીને ચંદરાજાએ પ્રેમલાલચ્છીનું કનકધ્વજ કુમારની વતી પાણિગ્રહણ કરવાનું સ્વીકાર્યા સુધીનું વૃત્તાંત આપણે વાંચી ગયા છીએ. જેની અંદર સિંહલ રાજાનું તેના મંત્રીએ કહેલું પૂર્વ વૃત્તાંત તમામ આવી જાય છે. આ પ્રકરણ તેમાં આવેલી પૂર્વ હકીકતને લઇનેજ બહુ લંબાણ થયેલું છે. આ પ્રકરણમાંથી આપણને સિંહલ રાજા, હિંસક મંત્રી અને ચંદરાજાનું આચરણ ઘણું શિક્ષણ આપે છે.

પ્રારંભમાં સિંહલરાજા મતલબી હોવાથી ચંદરાજાની ચાટુ ઉક્તિ વડે ઘણી પ્રશંસા કરે છે. ચંદરાજા કોઇ પણ રીતે તેમાંથી છુટી જવા માટે અસત્યમિશ્રિત વાક્ય રચનાવડે પોતાને છુપાવવા પ્રયત્ન કરે છે. તેવામાં હિંસક મંત્રી ત્યાં આવે છે ને તે શામ દામ વડે ચંદરાજાને સમજાવવા પ્રયત્ન કરે છે. ચંદરાજા હવે આમાંથી છુટાવું મુશ્કેલ છે એમ માની ટુંકામાં પતાવવા માટે ‘ ચંદરાજા જે કરે તે હું કરી શકું ’ એમ કહી અર્ધ સ્વીકાર કરે છે અને ‘ મારૂં કામ શું છે? ’ એમ પૂછે છે. હિંસક મંત્રીના સંદિગ્ધ વચનો સાંભળી તે વિચારમાં પડે છે. સિંહળ રાજા તેને ‘ વિચારમાં શામાટે પડી જાઓ છો ? તમારે તો અમારી ઉપર ઉપકાર કર્યા વિના છુટકો નથી ’ ઇત્યાદિ કહે છે. પણ ચંદરાજા પોતાને આભાપુરી પાછા જવાની ઉતાવળ જણાવી જે કામ હોય તે તરત કહી દેવાનું કહે છે. તેના ઉત્તરમાં વળી હિંસક મંત્રી વાક્ચતુરાઇજ કરે છે. અને પ્રાંતે પોતાની મતલબ છે તે જણાવે છે. ચંદરાજા ‘ કનકધ્વજ કુમાર શા માટે પરણતો નથી ? ’ એમ પૂછે છે ત્યારે હિંસક મંત્રી તેના કુષ્ટિપણાનું કારણ પ્રગટ કરે છે. ચંદરાજા એ સંબંધમાં ઘણો ઠબકો આપે છે અને ઘટતા વચનો કહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. હિંસકને એકાંતે લઇ જઇ સમજાવવા પ્રયત્ન કરે છે પરંતુ તે ન સમજવાથી છેવટે તેનું પૂર્વ વૃત્તાંત પૂછે છે, અને તે ખરેખરૂં જાણ્યા પછી કાંઇક રાજી કરવાની આશા આપે છે. એટલે પછી હિંસક મંત્રી સિંહલરાજાનું પૂર્વ વૃત્તાંત કહેવાનું શરૂ કરે છે. અહીં સુધી તો આ પ્રકરણની પીઠીકા થાય છે પરંતુ એની અંદર જોવાનું એ છે કે ગરજવાળા માણસ પોતાનું કાર્ય સાધવા કેવી કેવી યુક્તિઓ કરે છે અને પરોપકાર પરાયણ માણસ ખરી સપડામણને વખતે ન કરવા યોગ્ય કાર્યમાં પણ દાક્ષિણ્યતાને અંગે કેવી કબુલાત આપે છે. અહીં સિંહલરાજાના પરિવારને જેવી પોતાની કાર્યસિદ્ધિની ચિંતા છે તેવી બલકે તેથી પણ વધારે ચંદરાજાને આભાપુરી પાછા જવાની અને વિમાતા વીરમતિના કોપનો ભોગ થઇ પડવાની ચિંતા છે. અહીં સુધીની હકીકતમાં હિંસક મંત્રી અતિ કપટી, કુટિલ, કદાગ્રહી અને દુર્મતિ હોવાથી તેની વચન રચનાના સંબંધમાં કવી કહે છે કેઃ–

**જળ કહે ત્યાં થળ પણ નહીં, ચલવે ડાક ડમાળ;**
**રવી ઉદયાસ્ત લગે સદા, ખોટી હાલજ ચાલ.**

"કુટિલ માણસો જળ કહે ત્યાં થળ પણ હોતું નથી, ખોટો ડાકડમાળજ ચલાવે છે અને સૂર્ય ઉદય થાય ત્યાંથી તે અસ્ત પામે ત્યાં સુધી તેની હાલ ચાલ તમામ ખોટીજ હોય છે." આવા માણસો જગતને ભારરૂપ હોય છે, છતાં મતલબને અંગે સજ્જનો પણ તેને એકાએક તજી શકતા નથી. સિંહળ રાજા ખરેખરો સજ્જન છે, તેને પ્રારંભથીજ આ પ્રપંચ નાપસંદ છે પરંતુ એકવાર દુર્જનો સજ્જનને પણ એવા કાર્યમાં જોડી દે છે કે પછી તેને તેમાંથી છુટવું મુશ્કેલ થઇ પડે છે. અહીં સિંહલ રાજાને પણ આટલી સ્થિતિએ વાત પહોંચ્યા પછી 'સાપે છછુંદર ગળ્યા જેવું' જ થયું છે. હવે આ વાતને છોડી દેવાની સ્થિતિમાં તે રહ્યા નથી. જો કે એટલી ખરી હિંમત ન બતાવવાનું પરિણામ તો તેને આ કરતાં વધારે ખેદ ઉત્પન્ન કરનારી સ્થિતિમાં મુકનારૂં આવ્યું છે. તે તો આપણે હવે પછીના પ્રકરણમાં જોશું. અહીં પ્રસ્તુત પ્રસંગમાં તો તેનું મન અત્યારે હિંસક મંત્રીને વશ થઇ ગયાનુંજ દ્રષ્ટિએ પડે છે.

સિંહળ રાજાના ગુઢ વચનોથી જ્યારે ચંદરાજાને શંકા પડે છે ત્યારે તે કહે છે કે–"અમે ઠગ નથી કે તમને ઠગીએ, પણ કદી તેમ થાય તોપણ જેણે પરોપકાર કરવા માટેજ જન્મ ધારણ કર્યો છે તેને વિમાસવાનું શું છે? સૂર્ય અજવાળું કરે છે ને આકાશમાં પરિભ્રમણ કર્યા કરવાનું કષ્ટ સહે છે તેને પેસકશી કોણ આપે છે? વૃક્ષ ફળે ફુલે છે ને માણસો તેના ફળ ફુલ ચુંટી તેને કષ્ટ આપે છે છતાં તે તેનો બદલો શું માગે છે? નદી રાત્રિ દિવસ વહે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મણિ રત્નાદિક કિંમતે વેચાઇને ઘરે ઘરે ભમે છે તેમાં પરોપકાર શિવાય બીજું શું છે? સરસ નિરસ તૃણમાત્ર ખાઇને ગાય દુધ આપે છે તેમાં પણ પરોપકાર વૃત્તિ વિના બીજું શું છે.? માટે આપ સરખા પરોપકારીએ તો કાંઈ વિચારમાં પડવાનું છેજ નહિ." આ હકીકતનો સાર એ છે કે ખરા પરોપકારીએ તો કાંઇ પણ ભય ધરાવવાનો નથી અને બદલો કાંઇ ઇચ્છિવાનો નથી. જેણે પરોપકાર માટે શરીર સુદ્ધાં અર્પણ કર્યું છે તેને પછી બીજા પદાર્થના વિનાશનો તો વિચારજ કરવાનો રહેતો નથી.

ચંદરાજાના છેવટના આગ્રહથી સિંહળરાજાનું પૂર્વવૃત્તાંત હિંસકમંત્રી કહેવા માંડે છે, ત્યાર અગાઉ કનકધ્વજ કુમારનીવતી પ્રેમલાલચ્છીને પરણી આપવાનું કહે છે ત્યારે ચંદરાજાના ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન થાય છે કે 'આનું કારણ શું છે?' પરંતુ તે જ્યારે જાણે છે કે વર તો કુષ્ટિ છે ત્યારે પછી એવા અકાર્યની ઉત્પત્તિજ શામાટે કરવામાં આવી? તે સંબંધી ઠબકો આપે છે. પરંતુ તેની અસર મતલબી રાજા કે મંત્રી ઉપર થતી નથી. તેઓ જ્યારે પોતાનો આગ્રહ છોડતાજ નથી ત્યારે ચંદરાજા કાંઇક આશા આપી તેની હકીકત જાણવા માગે છે અને તેમાં પોતાને ઓળખવાનું શાથી બન્યું? તે પણ જાણવા ઇચ્છે છે કારણકે એમાંથી વખતે કાંઇ બાનું મળી જાય તો છુટી જવાય.

હિંસકમંત્રી સિંહલરાજાનું વૃત્તાંત કહેવા માંડે છે તેના પ્રારંભમાં પોતાની ઓળખાણ આપતાં કહે છે કે—

**વહાલો સહુને કામ, વ્હાલો ચામ નહીં રી;**
**સાચી એ જગરીત, ચંદજી જાણો સહી રી.**

"જગત્માં સહુને કામ વહાલું છે. ચામ કે શરીર કાંઇ વહાલું નથી." એટલે કામ કરીએ તો વહાલાં લાગીએ એમ છે, કાંઈ રૂપાળું શરીર હોવાથી વહાલા લાગીએ એવું નથી. હે ચંદરાજા! આ રીત જગત્માં સાચે સાચી છે એમ જાણજો. અર્થાત્ તમે પણ અમારૂં કામ કરી આપશો તો વહાલા લાગશો, એકલા રૂપથી વહાલા લાગો તેમ નથી એ પણ વ્યંગમાં સૂચવી દીધું છે.

આગળ જતાં પુત્ર ન હોવાથી રાણી ચિંતામાં પડે છે. તેના નિવારણ માટે કુળદેવીને આરાધવાનું મંત્રી સૂચવે છે. રાજા કુળદેવીને આરાધે છે. તે પ્રગટ થઇ બોલાવવાનું કારણ પૂછે છે. તે વખતે સિંહળરાજા પુત્રપ્રાપ્તિમાટે તેને બહુ લાગતા વચનો કહે છે. દેવી ઉત્તરમાં કહે છે કે–' એક પુત્ર થશે પણ કુષ્ટિ થશે.' રાજા તેમ ન થવા બહુ આગ્રહ કરે છે એટલે દેવી 'કરેલા કર્મનું ફળ સૌને ભોગવવુંજ પડે છે' ઇત્યાદિ વચનોવડે કર્મની પુષ્ટિ કરે છે. પછી રાજા આવું વરદાન આપવાનું વિશિષ્ટ કારણ પૂછે છે એટલે દેવી પોતાના ગૂઢ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્લેશની વાત કરે છે. આ ઉપરથી એટલું વધારે જાણવાનું મળે છે કે દેવોમાં પણ આવા ગૃહક્લેશ થાય છે અને તેમાં પણ જેને બે દેવાંગનાઓ હોય છે ત્યાં તેનો વધારે સંભવ છે. પતિ સાથેના રોષનું ફળ વખતપર બીજાને પણ ભોગવવું પડે છે. અહીં પણ કાંઈક તેમજ થયું છે. જો કે તેમાં દેવીના વચનો તો માત્ર બનવાની હકીકતને પ્રથમથી પ્રગટ કરનારાજ છે, બાકી તો જે બનવાનું હોય છે તેજ બને છે.

હવે પુત્રજન્મ થતાં જ તે કુષ્ટિ હોવાથી તેને ગુપ્ત રાખવામાં આવે છે. અને તે અતિ રૂપવંત છે એમ જણાવવાથી જે દુર્ભાગ્યના યોગથી બનેલ છે તેનેજ લોકો અંધારામાં રહેવાથી સદ્ભાગ્યનું ફળ માને છે. આ વાત વિસ્તાર પામતી વ્યાપારીઓદ્વારા વિમળાપુરી પહોંચે છે. તેણે કરેલા રાજપુત્રના રૂપના વખાણથી મકરધ્વજરાજા પોતાની પુત્રી પ્રેમલાલચ્છીનો વિવાહ તેની સાથે કરવા લલચાય છે. મંત્રી વધારે ખાત્રી કરવાની સલાહ આપે છે. બીજા સાક્ષી સોદાગરો મળી આવે છે. રાજા તેથી પૂર્વ હકીકતને પુષ્ટિ મળ્યાનું માને છે, પરંતુ આ સાક્ષી પણ નજરે જોયા વિનાની હોવાથી વધારે વજનવાળી નથી એમ તેના ધ્યાનમાં આવતું નથી. હજુ મંત્રી વધારે ખાત્રી કરવા કહે છે, એટલે ત્યાંના વેપારીઓની સાથે પોતાના ચાર પ્રધાનોને રાજા સિંહળપુરી મોકલે છે. તેઓ સિંહળરાજાને મળે છે અને પોતાનો આગ્રહ વિવાહ કરવાનો જણાવે છે. રાજા વિલંબ કરવા કહે છે. પછી પોતાના મંત્રી હિંસકને બોલાવી રાજા જે વચનો કહે છે તેમાં તેનું સજ્જનપણું ને તેનો ઉત્તર હિંસક મંત્રી આપે છે તેમાં તેનું દુર્જનપણું પ્રત્યક્ષ જણાઈ આવે છે. છેવટે વિવાહ નક્કી થાય છે. શ્રીફળ અપાય છે. પછી પેલા ચાર પ્રધાનો 'પાણી પીધા પછી ઘર પૂછનારની જેવું' ડહાપણ બતાવે છે. એટલે કે રાજપુત્રને જોવાનો આગ્રહ કરે છે. મંત્રી તેને સમજાવવા માટે અનેક યુક્તિઓ કરે છે પણ જ્યારે તેઓ સમજતા જ નથી ત્યારે પછી દ્રવ્યવડે તેના મોઢાં બંધ કરે છે. અહો અધમ લોભ! ક્યાં સુધી કામ કરે છે? પોતાના રાજાના પુત્રીને પોતાને વિશ્વાસે ખાડામાં નાખતા પણ લોભવશ પ્રધાનો આંચકો ખાતા નથી. ખાસ જે કામ માટે મોકલેલા તે કામમાં જ આવું વિપરિત આચરણ કરે છે. 'લોભ સર્વ પાપનું મૂળ છે' એમ શાસ્ત્રકાર કહે છે તે ખરેખરૂં છે. બાકી ઉગ્ર પાપનું ફળ આ ભવમાં જ મળે છે તેમ આ લોભને આધીન થયેલા પ્રધાનોને પણ આ પાપનું ફળ આ ભવમાંજ આગળ ઉપર મળવાનું છે.

હવે લગ્ન દિવસ મુકરર થાય છે, બંને બાજુ તેની તૈયારીઓ ચાલે છે, એટલે વળી સરલ દિલનો સિંહળરાજા અકળાય છે. તે હિંસક મંત્રીને કહે છે કે 'હવે આપણું પાપ ક્યાંસુધી ઢાંક્યું રહેવાનું છે?' હિંસક ફરીને પણ કુળદેવીને આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાધવાનો ઉપાય સૂચવે છે. રાજા તેમ કરે છે. કુળદેવી પ્રગટ થાય છે. રાજા કુષ્ટ નિવારવા વિનંતિ કરે છે પણ દેવી કહે છે કે–"તે તો બને તેવું નથી. પૂર્વ કર્મજન્ય વ્યાધિને નિવારવા કોઇ સમર્થ નથી. તેથી તમારી અગવડ દૂર કરવા હું લગ્નની રાત્રિએ ચંદરાજાને અહીં લાવીશ ને તે પ્રેમલાને પરણશે." રાજા એટલાથી સંતોષ માની જાન લઇને વિમળાપુરી આવે છે. એ વખતે પણ રાજકુમારને તો ગુપ્ત જ રાખે છે. સ્વસુર પક્ષવાળા જાન આવી ત્યારે પણ વરને જોવાનો આગ્રહ કરતા નથી. અનુક્રમે લગ્નની રાત્રિ આવે છે અને ચંદરાજાનો સિંહળરાજા વિગેરેની સાથે સંયોગ થાય છે.

અહીં સુધી પૂર્વવૃત્તાંત ચાલે છે. હવે હિંસકમંત્રી વિગેરે પોતાની વિનંતિ સ્વીકારવા ચંદરાજાને અત્યંત આગ્રહ કરે છે, અને જો સ્વીકાર નહિ કરો તો **અમે પાંચે મરશું** ત્યાં સુધીનો ભય બતાવે છે. વાત પણ ખરેખરી છે, ચંદરાજા જો સ્વીકાર ન કરે તો તેઓને મરવાનોજ વખત આવે તેવું છે. કેમકે કુષ્ટિવરને લઇને પરણાવા જવાય તેવું નથી. તેમ એવા પ્રબળ પ્રપંચને પરિણામે અહીંથી જીવતા જવાય તે પણ સંશયવાળું છે. મતલબને લઇને 'અગાઉ પણ ઘણા ભાડે પરણ્યા છે' એવા દાખલા હિંસકમંત્રી આપે છે પરંતુ તેનું પરિણામ શું આવ્યું હતું? તે જણાવતો નથી. કારણ કે જ્યાં જ્યાં એમ ભાડે પરણવાનું બન્યું છે ત્યાં ત્યાં પરિણામે પરણેલી કન્યા ભાડે પરણનારનીજ થઇ છે, જેનાવતી પરણે છે તેને તેનો લાભ મળેલો નથી અને અનેક પ્રકારની હાનિઓ ખમવી પડી છે. પરંતુ 'દુધનો લાલચુ બિલાડો દુધને દેખે છે, ડાંગને દેખતો નથી' તેમ અહીં પણ દૃષ્ટાંતનો એક ભાગજ ગ્રહણ કરવામાં આવે છે કે આમ અગાઉ પણ બન્યું છે. આવીજ હકીકત **મંગળકળશ** વિગેરેની કથામાં આવે છે. તેનું પરિણામ પણ આમાં આવે છે તેવુંજ આવેલું છે. જાણવા ઇચ્છનારે તે કથા વાંચી લેવી.

હજુ ચંદરાજાતેની વાત કબુલ કરતા નથી. તેને ક્ષત્રીવટ આડી આવે છે. પરંતુ મતલબવાળાઓને તો ક્ષત્રીવટ જાઓ કે બીજું બધું જાઓ પણ પોતાની મતલબ સિદ્ધ થવાનીજ જરૂર હોય છે, એટલે તેઓ પોતાનો આગ્રહ છોડતા નથી. તેને પરિણામે વાતચિતમાં રાત વીતી જવાના ભયથી ચંદરાજાને તે વાત કબુલ કરવી પડે છે. એટલે સિંહળરાજા વિગેરે હર્ષિત થાય છે ને વરઘોડાની તૈયારી એકદમ કરવા માંડે છે.

હવે ચંદરાજાનો વરઘોડો નીકળશે. અને વરનું રૂપ જોવા આવેલી વીરમતી ને ગુણાવળી પોતાના પુત્રને ને પતિને જોશે. આ પ્રકરણ અહીં સમાપ્ત થાય છે. આ પ્રકરણમાં પુત્ર માટેની તીવ્રેચ્છા, બે સ્ત્રીઓનો દેવજાતિમાં પણ કલહ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રપંચનું મંડાણ ને તેનું છેવટ સુધી પ્રયાણ, મકરધ્વજ રાજાનું ભોળાપણું ને તેના ચાર પ્રધાનોની ઠગાઇ, દ્રવ્યની પારાવાર શક્તિ ને લોભથી થતું અંધપણું, નતસળીનો આગ્રહ ને સજ્જનોને થવું પડતું તેના વશવર્તીપણું ઇત્યાદિ અનેક બાબતોનો સાક્ષાત્કાર થાય છે. આમાં મોટો ભાગ હિંસકમંત્રી બજાવે છે કે જે પ્રપંચકળામાં પૂરો પ્રવીણ છે. એક વાર જરાપણ અસત્યનો ઉપયોગ કર્યા પછી તેને ખરૂં રાખવા માટે બીજાં કેટલાં અસત્ય કારણો જોડવા પડે છે તે આ વર્ણનમાં દેખાઇ આવે છે. સાચા ને સજ્જન માણસથી પણ એકવાર તેમાં પડ્યા પછી છુટાતું નથી. છુટવું મુશ્કેલ પડે છે. સિંહળ રાજા મૂળથી આ વાતમાં રાજી નહોતો પણ એકવાર તેમાં ભળ્યો એટલે પછી બધા પાપમાં ભેળાવું પડ્યું, છુટકો થયો નહિ. તેથી ઉત્તમ મનુષ્યોએ કોઇપણ અકાર્યમાં પ્રથમથીજ પગલું ભરવું નહિ—અસત્યના અંશથી પણ ડરતા રહેવું. નહિ તો આ સિંહળરાજાની જેમ તેના ભોગ થવું પડશે અને તેના ફળ પરભવમાં તો અવશ્ય ભોગવવાજ પડશે, પરંતુ આ ભવમાં પણ પરિણામે આબરૂના કાંકરા થશે અને જગત્માં મોં દેખાડી શકાશે નહિ. આ હકીકત આગળ ઉપર વધારે સ્ફુટ થશે એટલે અહીં આટલુંજ કહીને આ પ્રકરણનું રહસ્ય ટુંકામાંજ સમાપ્ત કરવામાં આવે છે. અને લગ્નમહોત્સવ જોવાને હળીમળી રહેલા સંખ્યાબંધ લોકોનો આહ્લાદ પૂર્ણ કરવા માટે તે હકીકતનેજ આગળ પ્રદર્શિત કરવામાં આવે છે.

# પ્રતિક્રમણમાં બોલાતું ઘી.

હાલમાં કેટલેક સ્થળે સાંજના પ્રતિક્રમણના આરંભમાં નહીં પણ ચાલતે પડિક્કમણે સૂત્રો બોલવાનું ઘી બોલાવવામાં આવે છે. આ પ્રચાર ઘણે ભાગે સ્ત્રીવર્ગમાં વિશેષ છે. આ પ્રમાણે સૂત્રો બોલવા સંબંધી ઘી બોલવાનો પ્રચાર શા કારણથી ઉત્પન્ન થયો હશે? તે સંબંધી વિચાર કરતાં એમ જણાય છે કે—કોઇ પણ સૂત્રના બોલનારા વધારે હોય અને તેમાં પણ કેટલાક પોતે જ બોલવાના આગ્રહવાળા હોય—ગુરૂના આદેશનું વજન પુરેપુરૂં જળવાય તેમ ન હોય ત્યારે અંદર અંદર કુસંપ ન થવા માટે તેમજ ગુરૂ મહારાજ ઉપર કોઇનો પણ અભાવ ન થવા માટે શ્રી સંઘના આગેવાનોએ મળીને સૂત્રોનું ઘી બોલવાનો માર્ગ કાઢેલો છે. એટલે **એક પંથ ને બે કાજ**ની જેમ ઉપરોક્ત હેતુ જળવાવા સાથે દેવદ્રવ્ય કે જ્ઞાનદ્રવ્યાદિની ઉપજ પણ થઇ જાય. આ સંબંધમાં **શ્રી હીરપ્રશ્ન**માં એક પ્રશ્ન છે. તેમાં પૂછ્યું છે કે—" પ્રતિક્રમણમાં ઘી વિગેરે બોલાવીને આદેશ અપાય છે તે ઠીક છે કે નહીં? "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—" એ આચરણા સુવિહિતે આચરિત નથી, પરંતુ કેટલેક ઠેકાણે તેના અભાવે જિનભવનાદિના નિર્વાહનો અસંભવ હોય છે તેથી તે નિવારવાને અશક્ય છે. "

આ ઉત્તર ઉપરથી આપણે ઘણું રહસ્ય સમજવાનું છે. અહીં તે સંબંધી વિશેષ સ્પષ્ટિકરણ કરવાનો ઉદ્દેશ નથી. અહીં જે ઉદ્દેશ છે તે એ છે કે પ્રતિક્રમણના સૂત્રો બોલવાનું ઘી કદિ બોલવાની જરૂર જણાય તો તે પ્રતિક્રમણ શરૂ કર્યા અગાઉ પ્રારંભમાંજ બોલીને આદેશ આપી દેવો જોઇએ. પરંતુ પુરૂષ વર્ગમાં ક્વચિત્ કોઇક જ ગામમાં, પણ સ્ત્રીવર્ગમાં તો પ્રાયે ઘણી જગ્યાએ પ્રતિક્રમણમાં જ્યારે જ્યારે જે સૂત્ર બોલવાનો અવસર આવે ત્યારે ત્યારે તે સંબંધી ઘી બોલાય છે તે તદ્દન અયોગ્ય છે. તેમાં સામાયિકમાં દોષપ્રાપ્તિ થાય છે અને ક્રિયામાં ભંગ થાય છે; માટે એ પ્રમાણે વચમાં બોલવાનો તો જ્યાં જ્યાં રીવાજ હોય ત્યાં ત્યાં બીલકુલ બંધ થવો જોઇએ. એમ કરતાં કદિ કોઈ અજ્ઞાન બાઇઓ એમ કહેશે કે " પ્રથમ બોલવાથી ઘી બરાબર થતું નથી અને વચમાં બોલવાથી વધારે થાય છે તેથી જો વચમાં બોલવાનું બંધ કરશો તો દેવદ્રવ્યનો દોષ લાગશે. "

આ પ્રમાણે કહેનાર તદ્દન અજ્ઞાન છે, કારણ કે તેને લાભાલાભની સમજણ નથી. દેવદ્રવ્યની કદિ કાંઇક વૃદ્ધિ થતી હોય પણ સામાયિક ને પ્રતિક્રમણનો ભંગ થવાથી દોષાપત્તિ કેટલી થાય છે તે વિચારવા યોગ્ય છે. તે સાથે એમાં જિનાજ્ઞાનો પણ ભંગ થાય છે માટે વચ્ચે તો બોલવા યોગ્યજ નથી.

પ્રારંભમાં ઘી બોલવામાં પણ જે હેતુ બતાવેલ છે તે વિચારવા યોગ્ય છે. જ્યાં ગુરૂમહારાજની આજ્ઞા બરાબર અમલમાં આવતી હોય અને જ્યાં તે શિવાય જિનભવનાદિનું સંરક્ષણ થતું હોય ત્યાં તેની જરૂર માત્ર બોલવાની ચાહનાવાળાઓના મનનું સમાધન કરવા માટેજ છે. કારણ કે ઘી બોલાવાથી બોલનારની યોગ્યતા જોવાતી નથી, શુદ્ધ બોલનારને અગ્ર હક મળતો નથી અને ગરીબ સ્થિતિવાળાની હોંશ મનમાંજ રહે છે. કાળે કરીને હાલમાં તો શુદ્ધ બોલનારની સંખ્યા વધી છે. બાકી અગાઉના વખતમાં તો 'ઘીના સૂત્રાં તો એવાં અશુદ્ધજ હોય ' એમ પ્રગટ કહેવાતું હતું. અને બોલનારા ગાથાઓની ગાથાઓ મૂકી દેતા હતાં; તેમજ તદ્દન અશુદ્ધ–અર્થનો અનર્થ કરે તેવું બોલતા હતા પણ તે બધું ચાલ્યું જતું હતું. હવે તેવું ચાલી શકે તેમ નથી કારણ કે હવે શુદ્ધ બોલનારની સંખ્યા વધી છે અને અર્થના સમજનારા પણ કેટલાક થયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘી વિગેરે બોલાવાનું ઉપર પ્રશ્નકારે કહ્યું છે તેનું કારણ એ છે કે કેટલેક ઠેકાણે ઘીને બદલે તેલ તેમજ કોઇ જગ્યાએ સામાયિક બોલાતા હતા. હાલ પણ કેટલીક જગ્યાએ એવો રીવાજ છે. ઘીના ભાવમાં પણ એક મણનો રૂ ૧-૨ા-૪-૫ એમ જુદા જુદા ભાવ ઠરાવેલા હોય છે. આનું કારણ એક ચોકસ નિયમ કરવાનુંજ જણાય છે. તે સાથે અગાઉના વખતમાં ચાર પાંચ રૂપીએ મણ ઘી વેચાતું હોય અને તે ઉપરથી તેવા ભાવ ઠરાવ્યા હોય એમ પણ જણાય છે.

આ લેખ લખવાની ખાસ મતલબ પ્રતિક્રમણના મધ્યમાં ઘી બોલાતું બંધ કરવાની છે. ગૌણપણે અન્ય હેતુ પણ છે, તે બાબતમાં શ્રાવિકા સમુદાયમાંથી તેવો રીવાજ નાબુદ કરવા માટે સાધ્વીસમુદાયને પ્રાર્થના કરવામાં આવે છે. તેઓ આ બાબતપર ધ્યાન આપશે અને ઉપદેશદ્વારા શ્રાવિકાઓને સમજાવશે તો ઘણા અલ્પ પ્રયાસે તે રીવાજ દૂર થશે.

આ સૂત્રો બોલવાના ઘીની ઉપજ કયા ખાતાની ગણાય અને તેનો વ્યય શેમાં કરવો? એ એક સવાલ છે. ઘણી જગ્યાએ તેનો વ્યય જિન ભવન સંબંધી કાર્યમાં કરવામાં આવે છે; પરંતુ શ્રી હીરવિજયસૂરિ મહારાજે આપેલા ઉત્તરમાં આદિ શબ્દ વાપરેલો છે તેથી તેનો વ્યય જ્ઞાનદ્રવ્ય તરીકે થવામાં પણ અયોગ્યતા જણાતી નથી. જ્યાં જિન મંદિરનો ખર્ચજ એવી આવક ઉપર ચાલતો હોય ત્યાં તે ઉપજ દેવદ્રવ્યમાં વાપરવામાં બાધક નથી. પરંતુ જ્યાં જિનમંદિરના ખર્ચનો નિર્વાહ બીજી રીતે સહેલાઇથી થતો હોય ત્યાં તો એ દ્રવ્ય જ્ઞાનદ્રવ્ય ગણાઇને તે સંબંધમાં જ વપરાવા યોગ્ય લાગે છે. કારણકે એમાં વિષયજ જ્ઞાનનો છે. ઘી એ શબ્દથી જ તેની ઉપજનો હક દેવમંદિરનો થાય છે એમ સમજવાનું નથી. આ બાબત કોઇ સુજ્ઞ શ્રાવક ભાઇઓના વિચારમાં જુદી રીતે યોગ્યતા ભાસતી હોય તો તેમણે અમને લખી મોકલવું. અમે તે વિચાર પણ પ્રસિદ્ધિમાં મૂકશું.

પ્રાંતે આ લખવાનો પ્રયાસ સફળ થવાની આશા રાખી ટુંકામાં જ તેને સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पर्युषणपर्वमां श्रावकभाइओनी फरज.

આ પર્વ શાશ્વત છે. જિનેશ્વર પ્રણીત છે. અનેક જીવો એ પર્વનું આરાધન કરી સદ્ગતિના ભાજન થયા છે. આ પર્વના આરાધન માટે કરવાના કૃત્યો શ્રી ઉપદેશ પ્રાસાદના વ્યાખ્યાન ૧૪૭માામાં સવિસ્તર બતાવવામાં આવ્યા છે. વળી એ પર્વના પ્રથમના ત્રણ દિવસમાં પ્રાયે વાંચવામાં આવતા અઠ્ઠાઇ વ્યાખ્યાનમાં એજ હકીકત આવે છે. દરવર્ષ એ પ્રમાણે સાંભળવામાં આવતાં છતાં તપસ્યા, પ્રતિક્રમણ ને સ્વામીવાત્સલ્ય આ ત્રણ કૃત્ય ઉપરાંત બાકીના કેટલાક કૃત્યો તરફ જોઇએ તેવું ધ્યાન આપવામાં આવતું નથી અને જે કૃત્યો તરફ ધ્યાન આપવામાં આવે છે તેમાં પણ કેટલેક વિશુદ્ધિનો અવકાશ છે. સ્વામીવાત્સલ્યમાં તથાપ્રકારની યતના જળવાતી નથી. આ બાબત અમે આ માસિકના ગતવર્ષના છઠ્ઠા અંકમાં સવિસ્તર સૂચનાઓ લખી છે તે ઉપર વાંચકોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ અને તે ફરીને અક્ષરશઃ વાંચી જવાની ભલામણ કરીએ છીએ. પ્રતિક્રમણની ક્રિયાના સંબંધમાં એટલું જ કહેવાનું છે કે એ મહા ઉત્તમ ક્રિયા જેમ બને તેમ વહેલી કરવામાં આવે તો પર્વણીના શ્રાવકો તેમજ બીજાઓ નિદ્રાના દોષમાંથી બચી જાય ને કાંઇક વધારે લાભ મેળવે. તપસ્યાના સંબંધમાં તો કાંઈ કહેવા જેવુંજ નથી. કારણ કે આ પર્વમાં એ તો સૌ યથાશક્તિ કરેજ છે, છતાં જેઓ પ્રમાદને આધીન થતા હોય તેમણે આ પર્વમાં તો પોતાની શક્તિ અનુસાર અવશ્ય તપસ્યા કરવી.

આ સર્વ કરતાં વધારે આવશ્યકતાવાળી અને પ્રાયઃ જૈનોનેજ વરેલી ક્રિયા આ પર્વમાં પરસ્પરને ખમાવવાની છે. પૂર્ણ થયેલા વર્ષમાં જે કાંઇ વૈરવિરોધ અંદર અંદર જેની સાથે થયેલ હોય તેની પોતાનીજ સાથે વચનોચ્ચારપૂર્વક ખમાવવું–કાંઇ પણ બાકી રાખવું નહીં. આ બાબતમાં બાકી લેણું કે દેવું ખેંચનાર આરાધક થઇ શકતો નથી. સરકાર દરબારમાં તો ત્રણ, પાંચ કે છ વર્ષની મુદતે ચોપડા તપાસવાનું રહેતું નથી, પરંતુ જૈનશાસ્ત્રમાં તો દર વર્ષે આ ચોપડાની લેણદેણ તમામ માંડી વાળવાની કહી છે. આ બાબત બહુધા ઉપરનો દેખાવ થઇ ગયો જણાય છે. જ્યાં ખમાવાય છે ત્યાં શુદ્ધ અંતઃકરણથી ખમાવાતું નથી અને જ્યાં ખમાવવાની જરૂર હોય છે ત્યાં ખમાવવાનું ને ખમવાનું બનતું નથી. આ બાબતમાં ખાસ ચેતવણી આપવાને માટે જ આ ટુંકો લેખ લખવામાં આવ્યો છે. આશા છે કે વારંવાર ચર્ચાયલી આ બાબતમાં આટલી સૂચના ઉપર પણ જૈનબંધુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવશ્ય ધ્યાન આપી શુદ્ધ મનથી સર્વની સાથે ક્ષમાપના કરશે કે જેથી આગલા પાછલા વૈરવિરોધ શાંત થઇ જશે.

સુજ્ઞોને માટે આ કરતાં વધારે કહેવા કે લખવાની આવશ્યકતા હોતીજ નથી. કારણ કે તેઓ તો નિરંતર આત્મહિતના ઇચ્છકજ હોય છે.

## અત્યંત ખેદ કારક મૃત્યુ.

અમદાવાદના **નગરશેઠ ચીમનભાઇ લાલભાઇ** માત્ર ૨૮ વર્ષની નાની ઉમરમાં શ્રાવણ શુદ ૮ મંગળવારે પંચત્વને પામ્યા છે. એઓ ઘણાજ સુશીલ સ્વભાવવાળા અને નગરશેઠની પદવીને દીપાવે એવા હતા. મોગલ બાદશાહોના વખતથી મળેલી નગરશેઠની પદવીને ખરેખરા લાયક હતા. જૈન કોમ પણ એને માટે પૂરૂં માન ધરાવતી હતી. અમદાવાદ ખાતે મળેલી પાંચમી જૈન કોન્ફરન્સની રીસેપ્શન કમીટીના એઓ પ્રમુખ હતા અને આમલનેર ખાતે મળેલી પ્રાંતીક જૈન કોન્ફરન્સમાં પ્રમુખ નીમાયા હતા. સરદાર બહાદુર **લાલભાઈ શેઠ**ના અકસ્માત થયેલા મરણ બાદ શેઠ આણંદજી કલ્યાણજીની વહીવટ કરનાર કમીટીના પ્રમુખ તરીકે એમની નીમનોક કરવામાં આવી હતી. ધાર્મિક કાર્ય કરવામાં એઓ પૂરતા ઉત્કંઠિત હતા, પરંતુ એ ઉત્કંઠા પૂર્ણ થયા અગાઉજ એમનો સ્વર્ગવાસ થયો છે. નાની ઉમરમાં માતા પિતાનો વિરહ થયેલો હોવાથી સંસારનો ભાર પણ તેમને શિર ૧૬ વર્ષની વયથી આવી પડયો હતો; પરંતુ દરેક કાર્યમાં તેમણે પોતાની ઉદાર વૃત્તિ બતાવી હતી. એમનો અભાવ થવાથી જૈનવર્ગમાં મોટી ખોટ પડી છે. શેઠ લાલભાઇના મૃત્યુથી હજુ જૈનકોમ ખેદમુક્ત થઇ નથી તેવામાં આ શેઠના અભાવથી વધારે ખેદયુક્ત થઇ છે. ભાવી પ્રબળ છે તેથી હવે ચિત્તવૃત્તિને શાંત કરી ધાર્મિક કાર્ય તરફ વધારે જોડવા અમે તેમના કુટુંબીવર્ગને દીલાસા સાથે સૂચવીએ છીએ અને શેઠ કસ્તુરભાઇ મણિભાઇ વિગેરે તેમના બંધુઓ તેમને પગલે ચાલી પડેલી ખામી દૂર કરશે એમ અંતઃકરણથી ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખાસ ખરીદો ને લાભ લ્યો.

અમારી સભા તરફથી પ્રગટ થયેલા ભાષાંતર વિગેરેના ગુજરાતી ભાષાના ગ્રંથો પૈકી નીચેના ખાસ ખરીદ કરવા લાયક છે. વાંચનારને આનંદ સાથે બોધ આપે તેવા છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર (પર્વ ૧ થી ૧૦. ભાગ ૫.) કીં. રૂા. | ૮—૦—૦ |
| ૨ | શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર. ભાગ ૫. | ૭—૮—૦ |
| ૩ | શ્રી ઉપદેશમાળા ભાષાંતર. | ૧—૮—૦ |
| ૪ | શ્રી ચરિત્રાવળી. ભાગ ૩. | ૩—૦—૦ |
| ૫ | શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર | ૦—૬—૦ |
| ૬ | શ્રી પ્રબોધચિંતામણિ ભાષાંતર. | ૦—૬—૦ |
| ૭ | પ્રતિક્રમણના હેતુ | ૦—૬—૦ |
| ૮ | શ્રી શત્રુંજય માહાત્મ્ય ભાષાંતર. | ૨—૮—૦ |
| ૯ | શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ વિવેચન યુક્ત | ૧—૪—૦ |
| ૧૦ | શ્રી ઉપમિતિ ભવપ્રપંચ પીઠબંધનું ભાષાંતર | ૦—૧૨—૦ |
| ૧૧ | શ્રી ગૌતમ કુળક બાળાવબોધ. | ૨—૮—૦ |
| ૧૨ | શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો જ્યુબીલી અંક | ૦—૧૨—૦ |
| ૧૩ | શ્રી યશોધર ચરિત્ર. | ૦—૬—૦ |
| ૧૪ | શ્રી રત્નશેખર રત્નવતી કથા. | ૦—૪—૦ |
| ૧૫ | શ્રી જ્ઞાનસાર ભાષાંતર (બીજાનું) સસ્તી કિંમતે | ૦—૮—૦ |

આ ઉપરાંત બીજી બુકો સંબંધી બીજે પ્રસંગે લખશું.

## છપાઇને બહાર પડેલ છે.

## શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. ભાગ ૧ લો.

### સ્થંભ ૧ થી ૪. વ્યાખ્યાન ૬૧.

આ ભાગ પ્રથમ બીજા જૈન બંધુ તરફથી અર્થ વિગેરેમાં ઘણીજ ભૂલોવાળો બહાર પડેલો, તે પણ હાલ બીલકુલ મળતો નથી. અમે તેનું શુદ્ધ ભાષાંતર કરાવી બરાબર સુધારીને બહાર પાડેલ છે. તેની અંદર બતાવેલા શાસ્ત્રાધારો તમામ અર્થસાથે દાખલ કરવામાં આવ્યા છે. આ પહેલા વિભાગમાં સમકિતના ૬૭ બોલ ઉપર તેમજ બીજી પણ તેને અનુસરતી પુષ્કળ કથાઓ છે. આઠ પ્રભાવકના દ્વાર ઉપરની તેમજ બીજી પણ કેટલીક કથાઓ તો બહુજ રસિક છે. સમકિતની શુદ્ધિના ઇચ્છકે આ ભાગ અવશ્ય વાંચવાલાયક છે. સામાન્ય બુદ્ધિવાળાને આ આખો ગ્રંથ પરમ ઉપકારી છે. આ ભાગની કિંમત રૂા. ૧—૮—૦ રાખવામાં આવી છે, પાકા અને સુંદર બાઈન્ડીંગથી બુકો બંધાવવામાં આવી છે.

આ આખા ગ્રંથનું ભાષાંતર કુલ પાંચ વિભાગ કરીને અમારા તરફથી બહાર પાડવામાં આવેલ છે. તેમાં ૩૬૧ વ્યાખ્યાન અને ૪૦૦ લગભગ કથાઓ છે. આખો ગ્રંથ મોક્ષાભિલાષી સરલ જીવોને ખાસ વાંચવાલાયક છે, બહુજ હિતકારક છે. પાંચે ભાગની જુદી જુદી કિંમત રૂા. ૮—૮—૦ થાય છે. પરંતુ પાંચે ભાગ એકઠા લેનાર માટે રૂા. ૭—૮—૦ રાખવામાં આવેલા છે. બહારગામવાળાએ પોસ્ટેજ જુદું સમજવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જીર્ણોદ્ધારને અંગે ખાસ મદદ આપો.

લીંબડી શહેર ઝાલાવાડમાં આવેલું છે. ત્યાં સુમારે એક લાખ રૂપીઆના ખર્ચે એક મોટું દેરાસર બંધાવેલું છે. પરંતુ તેનો પાયો ગમે તે કારણથી મજબુત કરેલો ન હોવાથી તેમાં ફાટો પડીછે ને તાત્કાળિક ઉપાય લેવામાં ન આવે તો મોટી નુકશાની લાગવાનો સંભવ છે. તેથી ત્યાંના જૈનભાઇઓ જાગૃત થયા છે. સમારકામ શરૂ કરવામાં આવ્યું છે અને દેરાસર ખાતામાં સીલક ન હોવાથી મદદ મેળવવા બહાર ગામ નીકળ્યા છે. ભાવનગરમાંથી સારી સહાય મળી છે અને અમદાવાદ, સુરત ને મુંબઇની સારી આશા રાખે છે. સુમારે દશ હજારનો ખર્ચ છે. પ્રથમ આ શહેરની જાહોજલાલી વિશેષ હતી, શ્રાવકોના ઘર પણ હાલ છે તેથી બમણા હતા, દેરાસરમાં પણ સારી સીલક હતી તે વખત આજુબાજુના ગામોના દેરાસરોમાં બહુ સારી મદદ કરીછે. અત્યારે તેઓને મદદ મેળવવાનો વખત આવ્યો છે. ખાસ મદદ આપવા લાયક છે. દ્રવ્યનો ખરેખરો સદુપયોગ કરવા જેવું કાર્ય છે.

---

ઇડર મહીકાંઠામાં આવેલ પ્રખ્યાત શહેર છે. ત્યાં ડુંગર ઉપર બાવન જિનાલયવાળુ સંપ્રતિ રાજાનું કે કુમારપાળનું બંધાવેલ મહાન મંદિર છે. કાળે કરીને તે જીર્ણ થઇ ગયું છે. જીર્ણોદ્ધાર કરવાની તાત્કાલિક આવશ્યકતા છે. કપડવંજવાળા શ્રાવકરત્ન બાલાભાઈ દલસુખભાઇએ ત્યાં જાતે એક માસ રહીને ખાત્રી કરી છે ત્યાંના ગૃહસ્થ શા હેમચંદ છગનલાલ તે કાર્ય માટે આત્મભોગ આપી મદદ મેળવવા નીકળ્યા છે; તેમને મદદ આપવા યોગ્ય છે. તે માણસ પ્રતિષ્ઠિત છે તેથી મદદ આપવામાં શંકા રાખવાનું કારણ નથી. જીર્ણોદ્ધારમાં નવું જિનમંદિર બંધાવવા કરતાં આઠગણું પુન્ય શાસ્ત્રકારોએ કહ્યું છે ત્યારે હવે એવો મહા લાભનો વ્યાપાર શા માટે ન કરવો? અવશ્ય કરવો.

---

## ભેટની બુકો સંબંધી અગત્યની સૂચના.

જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવાની બાકી રહેલ ધનપાળ પંચાશિકાની બુકમાં અષ્ટાપદ, સમ્મેત શિખર ને ગિરનાર તીર્થના કલ્પો અર્થ સહિત નાખી તેમજ વિસ્તીર્ણ પ્રસ્તાવના લખીને વધારો કરવામાં આવ્યો છે. તે બુક બંધાઇને તૈયાર થઇ ગઇ છે છતાં આ વર્ષની ભેટ તરીકે આપવાની એક બીજી બુક નવી પ્રશ્નોત્તર રૂપે જૈનતત્વોનું જ્ઞાન આપનારી છપાવવા માંડી છે તેમાં સુમારે એક મહીનો થવા સંભવ છે. તેથી એ બંને બુકો દરેક ગ્રાહકને એક સાથેજ ભેટ તરીકે મોકલવામાં આવશે. છતાં તાકીદ હોય તો પ્રથમની બુક પ્રકાશના ચાલુ વર્ષના લવાજમના વેલ્યુથી મંગાવી લેવી. નહીંતો એક માસ પછી તો બંને બુકો વેલ્યુથી દરેક ગ્રાહકને પહોંચાડવામાં આવશે. બંને બુકો ખાસ ઉપયોગી છે. બીજાઓની ભેટો જેવી બહુ મોટી આ બુકો નથી પરંતુ તેમાં સંગ્રહ કરેલી વસ્તુથી લાભ વિશેષ થાય તેમ છે એ ચોક્કસ છે. વધારે લખવા કરતાં તે બુકો જાતેજ સાક્ષી આપશે તેમ હોવાથી લખવાની જરૂર નથી.

For Private And Personal Use Only